RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 210, Dt.22-11-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોની સતા! કાલે મહારાષ્ટ્ર - ઝારખંડના પરિણામને લઈ દેશભરમાં ઉતેજના

## ૨૦૨૪ની આખરી ચુંટણીના પરિણામો રાજય – રાષ્ટ્રીય રાજકારણ પર અસર કરશેઃ વાયનાડ લોકસભા પેટાચુંટણી ઉપરાંત ઉતરપ્રદેશની વિધાનસભાની ૯ બેઠકોની પેટાચુંટણી પણ મહત્વના સંકેત આપશે


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ૨૦૨૪ની ચુંટણી મૌસમનો અંત લાવતા આવતીકાલે મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભા વાયનાડ સહિત લોકસભાની બે બેઠકો ઉપરાંત ગુજરાતની પાંચ સહિત ૧૧ રાજયની ૪૬ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામો આવતીકાલે આવશે જેની રાજકીય ઉતેજનાનો પ્રારંભ થઈ ગયા છે અને સોમવારથી શરૂ થનારા સંસદના શિયાળુ સત્રમાં પણ અદાણી વિવાદ સાથે આ ચુંટણી પરિણામોની ગરમીના પડઘા પડશે.

ખાસ કરીને મહારાષ્ટ્ર-ઝારખંડમાં વિધાનસભા ચુંટણી પરિણામો પર સૌની નજર છે. દેશના સૌથી મોટા રાજયમાં સામેલ મહારાષ્ટ્રમાં મહાયુતીની સરકાર સતા જાળવી રાખશે કે પછી અઢી વર્ષના ગાળા બાદ મહાવિકાસ અઘાડી સતા પર આવશે તે સસ્પેન્સ ઘેરુ બન્યુ છે.

જો કે એકઝીટપોલ આ રાજયમાં ભાજપ નેતૃત્વ મહાયુતીને ફરી સતા મળશે તેવા સંકેત આપે છે પણ છેલ્લી બે ચુંટણીના એકઝીટ પોલ નખોટાથ સાબીત થયા બાદ હવે તેની વિશ્વસનીયતા સામે પ્રશ્ન તો ઝારખંડમાં પણ શાસક ઝારખંડ મુકિત મોરચાની સરકાર સતા જાળવી રાખે છે કે ભાજપ તેની પાસેથી સતા આંચકે છે તેના પર પણ નજર છે. આ રાજયમાં પણ એકઝીટ પોલ ભાજપની સરકારના સંકેત આપે છે.આ બન્ને વિધાનસભામાં જો એકઝીટપોલથી કોઈ વિરુદ્ધ પરિણામો આવે તો તેના પડઘા રાષ્ટ્રીય સ્તરના રાજકારણ સુધી પણ પડી શકે છે અને મોદી સરકાર જે હાલ તેલુગુદેશમ અને જનતાદળ (યુ)ના ટેકાથી ચાલે છે તેમાં કોઈ અસ્થિરતા સર્જાવા સુધીની શકયતા પણ લાંબાગાળા






માટે બની શકે છે.બીજી તરફ વાયનાડની લોકસભા બેઠકની પેટાચૂંટણી પણ રસપ્રદ બની છે. ગાંધી કુટુંબના વધુ એક સભ્ય પ્રિયંકા ગાંધી પ્રથમ વખત ચૂંટણી લડીને લોકસભા પહોચવા આતુર છે અને વાયનાડ પરંપરાગત કોંગ્રેસ કે ડાબેરી પક્ષની બેઠક છે છતાં ભાજપે પણ તમામ તાકાત કામે લગાડી છે જેથી પ્રિયંકા માટે મોટા પડકાર છે છતાં તે સંસદભવન પહોંચી જશે તેવા સંકેત છે.૧૧ રાજયની ૪૬ વિધાનસભા બેઠકમાં ઉતરપ્રદેશની ૯ બેઠકોની પેટાચૂંટણી ભાજપ-યોગીના રાજકારણમાં મહત્વની છે. લોકસભામાં ભાજપે આ રાજયમાં અડધો અડધ બેઠકો ગુમાવી હતી અને તેની મુખ્યમંત્રી યોગી આદીત્યનાથનું રાજકીય ભાવી પણ દાવ પર છે તો પશ્ચીમ બંગાળમાં સાત વિધાનસભા બેઠકો પેટાચૂંટણી મમતા બેનરજી માટે એસીડ ટેસ્ટ બની રહેશે. ગુજરાતની પાંચ બેઠક પરની રાજયની એક માત્ર પેટા ચૂંટણી પણ ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહી છે અને તેથી તેના પરિણામ પણ રાજયના રાજકારણ ખાસ કરીને ભાજપના આંતરિક રાજકારણ પર પ્રભાવ પાડશે.

## શેરબજારમાં ૬૦૦ પોઈન્ટની તેજી છતાં અદાણી ગ્રુપનાં શેરોમાં સતત બીજા દિવસે કડાકો

### અદાણી એન્ટરપ્રાઈઝ, પોર્ટ, એનર્જી, વિલ્મર સહીતનાં શેરો વધુ તૂટયા



**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય શેરબજાર આજે અદાણીના ઝાટકામાંથી બહાર આવી ગયુ હોવા છતાં અદાણી ગ્રુપનાં શેરો સતત બીજા દિવસે તૂટયા હતા. અમેરીકામાં કેસ-ધરપકડ વોરંટ બાદ કેન્યાએ તેની એરપોર્ટ સહીતની ડીલ રદ કરી નાખ્યાની ઈફેકટ વર્તાઈ હતી.

અમેરિકામાં ગૌતમ અદાણી સહીત આઠ સામે લાંચ-છેતરપીંડીનો કેસ થયો છે અને ધરપકડ વોરંટ ઈસ્યુ કરાયુ છે. આ ઘટનાક્રમ બાદ કેન્યાએ પણ અદાણી સાથેના એરપોર્ટ તથા ઉર્જા કરાર રદ કરવાની જાહેરાત કરી હતી. આ બેવડા ઝાટકાના પ્રત્યાઘાત હેઠળ આજે સતત બીજા દિવસે અદાણી ગ્રુપના શેરો દબાણ હેઠળ રહ્યા હતા

અને નોંધપાત્ર ભાવ ઘટાડો સુચવતા હતા. અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ, અદાણી પાવર, અદાણી ગ્રીન એનર્જી, અદાણી ટોટલગેસ, અદાણી વીલ્મર વગેરે વધુ તુટયા હતા. જોકે એનડીટીવી અંબુજા સીમેન્ટ, એટીસી મજબુત હતા.

બીજી તરફ શેરબજારે અદાણી ઝટકો પચાવી પાડયો હોય તેમ આજે તેજી થઈ હતી. હેવીવેઈટથી માંડીને રોકડાના મોટાભાગનાં શેરો ગ્રીનઝોનમાં રહ્યા હતા.રીલાયન્સ સ્ટેટ બેંક, એચડીએફસી બેંક, સહીતના શેરોમાં ઉછાળો હતો.

મુંબઈ શરેબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૦૭ પોઈન્ટના ઉછાળાથી ૭૭૭૬૨ સાંપડયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૧૮૩ પોઈન્ટના ઉછાળાથી ૨૩૫૩૩ હતા.

## નિજ્જર હત્યા ષડયંત્રમાં મોદી કે જયશંકરની સંડોવણીના પુરાવા નથી

### કેનેડા સરકારે એક નિવેદન જાહેર કરીને પીએમ મોદી કે અન્ય સામે લાગેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેનેડા સામે ભારતની કડકાઈની અસર હવે દેખાઈ રહી છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પર જસ્ટિન ટ્રુડો સરકાર બેકફૂટ પર આવી ગઈ છે. કેનેડા સરકારે સ્વીકાર્યું છે કે નિજ્જર હત્યા કેસમાં પીએમ મોદી, એસ જયશંકર અને અજીત ડોભાલનું ન તો કોઈ જોડાણ છે કે ન તો કોઈ પુરાવા છે. ટ્રુડો સરકારે કેનેડિયન મીડિયાના દાવાને ફગાવી દીધો છે જેણે આ આરોપ લગાવ્યો હતો.

હકીકતમાં, કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે તાજેતરમાં એક વિવાદાસ્પદ મીડિયા રિપોર્ટ પર સ્પષ્ટતા આપી છે. આ રિપોર્ટમાં વડાપ્રધાન મોદી અને ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા વચ્ચે કનેક્શન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કેનેડાની સરકારે આ મીડિયા રિપોર્ટને અનુમાન પર આધારિત અને ખોટો ગણાવ્યો છે.

ભારત પર ખોટો આરોપ લગાવનારી ટ્રુડો સરકાર ફરી એકવાર પુરાવાઓથી ખાલી હાથ છે. ભારતની કડકાઈ બાદ ટ્રુડો સરકારે નિવેદન જાહેર કર્યું છે. ટ્રુડો સરકારે કહ્યું કે ભારતના વડાપ્રધાન મોદી, વિદેશ પ્રધાન જયશંકર અને અજીત ડોભાલ કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સહિત કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવળત્તિમાં કોઈ ભૂમિકા નથી. તેની પાસે આ અંગે કોઈ પુરાવા પણ નથી. કેનેડિયન મીડિયા રિપોર્ટ પર સ્પષ્ટતા કરતા જસ્ટિન સરકારે કહ્યું કે, કેનેડા સરકારે આ નિવેદન આપ્યું નથી, ન તો તે વડાપ્રધાન મોદી, વિદેશ મંત્રી જયશંકર અથવા ગજ્બ અજીત ડોભાલને કેનેડામાં ગંભીર ગુનાહિત પ્રવળત્તિ સાથે જોડતા કોઈ પુરાવાથી વાકેફ છે. . આ અહેવાલ અનુમાન પર આધારિત છે અને ખોટો છે.

ટ્રુડો સરકારે વધુમાં જણાવ્યું હતું કે ૧૪ ઓક્ટોબરના રોજ, જાહેર સલામતી માટેના નોંધપાત્ર અને સતત જોખમને કારણે, ઙ્ઘ્ભ્ અને સત્તાવાળાઓએ ભારત સરકારના એજન્ટો દ્વારા કેનેડાની અંદર ગંભીર ગુનાહિત પ્રવળત્તિના જાહેર આક્ષેપો કરવાનું અસાધારણ પગલું ભર્યું હતું. તેણે પીએમ મોદી અને જયશંકરનું નામ હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે કયારેય જોડ્યું નથી. ભારતે આ




મીડિયા રિપોર્ટ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને તેને ખોટો ગણાવ્યો હતો. ગયા વર્ષે સંસદમાં બોલતા જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું. આ પછી ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો. ત્યારથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ઉતાર-ચઢાવથી ભરેલા રહ્યા છે. ભારતે ટ્રુડો અને તેમની પાર્ટી પર ખાલિસ્તાનીઓને આકર્ષવા માટે વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં કેનેડાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોડી થોમસે કહ્યું હતું કે ભારત નિજ્જરની હત્યાની તપાસમાં કેનેડાને સહયોગ કરી રહ્યું છે.

## અદાણી સામેના આક્ષેપોની બાઈડન તંત્રને જાણ હતી : વ્હાઈટ હાઉસ

### અન્ય મુદ્દાઓની જેમ આ મામલાને સમાધાનની દિશામાં લઈ જવાનો ગર્ભિત ઈશારો


**મુખ્ય સમાચાર નવી દિલ્હી**

ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી, તેમનાં ભત્રીજા સહીત આઠ સામે અમેરિકામાં થયેલા લાંચ-છેતરપીંડીના કેસ તથા ધરપકડ વોરંટ વચ્ચે અમેરીકાએ જાહેર કર્યું છે કે અદાણી સામેનાં આક્ષેપો વિશે વ્હાઈટ હાઉસ વાકેફ હતું. જોકે, આ ઘટનાક્રમથી ભારત અને અમેરિકા વચ્ચેનાં સબંધોને કોઈ અસર નહિં થાય. બન્ને દેશોનાં સબંધોનો પાયો મજબુત છે અને તેમાં કોઈ અસર નહીં થાય.

ભારતીય ઉદ્યોગ જુથ અદાણીનાં ચેરમેન ગૌતમ અદાણી સહીત આઠ સામે અમેરિકામાં લાગેલા આરોપ વિશે વ્હાઈટ હાઉસે પ્રતિક્રિયા જાહેર કરી છે. વ્હાઈટ હાઉસનાં પ્રેમ સચીવ કૈફીન જીન-પીયરે કહ્યુ કે અદાણીનાં આરોપથી વ્હાઈટ હાઉસ વાકેફ છે.આ મામલે વધુ માહીતી માટે મીડીયાએ સિકયોરીટી એન્ડ એકસચેંજ કમીશન તથા ન્યાય વિભાગનો સંપર્ક કરવો પડશે.

અદાણી પ્રકરણથી ભારત સાથેના સંબંધો વિશે તેઓએ કહ્યુ કે બન્ને દેશો વચ્ચેનાં સંબંધો મજબુત પાયા પર સ્થપાયેલા છે.વૈશ્વિક મુદાઓ પર સહયોગનાં આધારે સંબંધો વિકસેલા છે એવો વિશ્વાસ છે કે મુદાને પણ સમાધાનની દિશામાં લઈ જવાશે.અન્ય મુદાઓની જેમ આ મુદાનો ઉકેલ પણ શકય છે.

તેઓએ ભારપુર્વક જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા વચ્ચેનાં સંબંધો ઘણા મજબુત છે અને અદાણી સામેનાં આરોપોનો દ્વિપક્ષી સબંધો પર કોઈ



અસર નહિં થાય.

અત્રે ઉલ્લેખનીય ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ વિશ્વનાં સૌથી મોટા સોલાર પાવર પ્રોજેકટ માટે માત્ર ભારતમાં ૨૧૦૦ કરોડની લાંચ આપી હતી.

તેની વાત છુપાવીને અમેરિકી ઈન્વેસ્ટરો સાથે છેતરપીંડી આચરી હતી. લાંચ છેતરપીંડીનો કેસ દાખલ કરવા ઉપરાંત તેમની સામે ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરાયુ છે.વ્હાઈટ હાઉસ દ્વારા આ મામલે કોઈ વધુ માહીતી આપવા કે ટીપ્પણી કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો.

## ખાદ્યચીજોના ભાવો બે વર્ષનાં સર્વોચ્ચ સ્તરે

### ડુંગળી, બટેટા, તથા ટમેટામાં તેજી યથાવત : અમુક લિલા શાકભાજીને બાદ કરતા તમામમાં ભાવ ઉંચા

**મુખ્ય સમાચાર નવી દિલ્હી**

લાંબા ચોમાસા બાદ વાતાવરણ બની ગયુ છે. નવી ખરીફ સીઝન ભરપુર છે.છતાં ખાદ્ય મોંઘવારીમાં મોરચે કોઈ રાહત મળતી નથી. હજુ ખાદ્યચીજોના ભાવો બે વર્ષનાં સર્વોચ્ચ સ્તરે રહ્યા છે. ડુંગળી, બટેટા, તથા ટમેટામાં તેજી યથાવત છે. અમુક લિલા શાકભાજીને બાદ કરતા તમામમાં ભાવ ઉંચા જ છે.

રિઝર્વ બેન્કનાં નવેમ્બર માસનાં રીપોર્ટમાં સ્વીકાર કરવામાં આવ્યો છે કે ડુંગળી-બટેટા, લસણ, શાકભાજી તથા ખાદ્યતેલની સીઝનમાં તેજી જળવાયેલી છે. રીટેઈલ માર્કેટમાં ડૂંગળીના ૬૦ થી વધુનાં ભાવ છે. બટેટાનાં ભાવ ૪૦-૫૦ થી નીચે આવતા નથી ટમેટાના રૂા.૫૦ થી ૯૦ છે રીઝર્વ બેન્કના જ આંકડા મુજબ ૨૦૨૨ નવેમ્બરમાં ટમેટા રૂા.૨૦ તથા ડુંગળી બટેટાનાં ૩૦ રૂપિયાથી પણ ઓછા હતા.

આજ રીતે ખાદ્યતેલોમાં પણ ભાવ સર્વોચ્ચ સ્તરે છે.છેલ્લા બે માસમાં કઠોળ-દાળની કિંમતમાં પણ તેજી થઈ છે. ચણાદાળનાં રીટેઈલ ભાવ રૂા.૮૦ થી ૯૫, તુવેરદાળનાં ૧૭૦ થી વધુ છે. ઘઉંનો લોટ પણ ૨૦ થી વધીને ૩૪ થયો છે.દેશના મહાનગરો સહીત નાના સેન્ટરોમાં મોંઘવારીનો ઉહાપોહ છે.સરકાર દ્વારા દિલ્હી, કોલકતા, ચેન્નાઈ, સહીતના મહાનગરોમાં સસ્તા ભાવે ડુંગળીનું વેંચાણ કરવામાં આવી જ રહ્યું છે.

જાણકારોનાં કહેવા પ્રમાણે દેશમાં આ વર્ષે ચોમાસું લાંબુ ચાલ્યુ હતું.



અનેક કૃષિ ઉત્પાદક રાજયોમાં લાંબો વખત વરસાદ ચાલુ રહેતા કૃષિ સિઝનમાં વિલંબવાળો હતો.પાકમાં નુકશાની થઈ હતી અને તેનો પ્રત્યાઘાત ખાદ્યચીજોનાં ભાવ પર પડયો હતો. ખાસ કરીને શાકભાજીનાં ઉત્પાદને મોટો ફટકો હતો.રિઝર્વ બેન્કનાં રીપોર્ટ મુજબ મગફળી, સરસવ તથા સુર્યમુખીનાં ભાવોમાં મોટો વધારો થયો હતો. શાકભાજીના ભાવ ૫૬.૩૬ ટકા, ઘઉંનો ભાવ ૧૦.૫૫ ટકા, ઈંડા-માંસ-માછલીની કિંમતોમાં ૭.૭૮ ટકા વધારો થયો હતો. ઈંધણ અને વીજ સેગમેન્ટમાં જથ્થાબંધ ફુગાવો ૪૦.૬૨ ટકા, ઉત્પાદિત ચીજવસ્તુઓ અને તેલિબિયાંમાં ફુગાવો ૧૦.૧૧ ટકા અને ૭.૦૮ ટકા રહ્યો હતો. ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસમાં મોંઘવારી ૭૯.૫૦ ટકા વધી હતી.

## અમદાવાદથી રાજકોટમાં ૨૦૧ કિમીમાં ચાર નવાં ટોલનાકા!


**મુખ્ય સમાચાર, અમદાવાદ**

બહુચર્ચિત અમદાવાદ-રાજકોટ વચ્ચે ૨૦૧ કિલોમિટરના હાઈવે પર હવે ચાર ટોલનાકાં પર ટેક્સ ભરવો પડશે. હાલનાં બંને ટોલનાકાં નીકળી જશે, તેના સ્થાને ૪ નવી જગ્યાએ ટોલનાકાં બનશે. તમામ ચાર નવાં ટોલનાકાંનું બાંધકામ આખરી તબક્કામાં છે. આ અંગે રોડ અને મકાન ખાતાએ રાજયના નાણાપંચને દરખાસ્ત મોકલી આપી છે.

૩૩૫૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ફોરલેનમાંથી સિક્સલેન બનેલા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર મુસાફરી કરતા લાખો લોકો માટે મહત્ત્વના સમાચાર છે. આ હાઈવે પર હાલ બગોદરા અને બામણબોર એમ બે જગ્યાએ ટોલનાકાં આવે છે. તેની જગ્યાએ હવે ચાર નવી જગ્યાએ ટોલ ઉઘરાવવામાં આવશે. ચાર ટોલનાકાંમાંથી ત્રણ ટોલનાકાંનું બેઝિક સ્ટ્રક્ચર ઊભું કરી દેવામાં આવ્યું છે. આગામી તારીખ ૧, એપ્રિલ, ૨૦૨૫થી ૪ ટોલનાકાં પર ટેક્સ લેવામાં આવી શકે છે.

અમદાવાદથી રાજકોટ જતા પહેલું ટોલનાકું બાવળા પછી ૧૨ કિમી દૂર ભાયલા ગામ પાસે કોરોના કંપની પાસે ઊભું કરવામાં આવ્યું છે. ત્યાર બાદ બીજું ટોલનાકું બગોદરા અને લીંબડી વચ્ચે ટોકરાળા ગામ પાસે બનાવવામાં આવ્યું છે. જ્યારે ત્રીજું ટોલનાકું ઢેઢુંકી ગામ પાસે (સાયલા-ચોટીલા વચ્ચે) તેમજ ચોથું ટોલનાકું માલિયાસણ ગામ (રાજકોટથી ૮ કિમી પહેલાં) બનાવવામાં આવ્યું છે. માલિયાસણ સિવાયના તમામ બીજા ૩ ટોલનાકાંનું બાંધકામ અને ઉપર છતનું કામ પૂરું થવાની તૈયારીમાં છે.

રાજ્યના આર એન્ડ બી વિભાગ દ્વારા આ અંગેની દરખાસ્ત રાજ્યના નાણાપંચને મોકલી આપી છે. જેમાં ૪માંથી ૨ ટોલનાકાંની દરખાસ્ત આર એન્ડ બી વિભાગના અમદાવાદ સર્કલ તેમજ ૨ ટોલનાકાંની દરખાસ્ત રાજકોટ સર્કલ દ્વારા મોકલવામાં આવી છે. વિચારણા બાદ રાજ્યના નાણાપંચ દ્વારા કેન્દ્ર સરકારમાં રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રાલયને મોકલવામાં આવશે. ત્યારથી તેની મિનિટ્સ મંજૂર થઈને આવશે. ટોલ ગેઝેટ એટલે કે નોટિફિકેશન મંત્રાયલ દ્વારા જ મંજૂર થાય પછી પ્રોસેસ આગળ વધશે. નોંધનીય છે કે આનંદીબેન પટેલની સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં



તમામ સ્ટેટ હાઈવે પર ફોરવ્હીલ (કાર/વાન) વાહન માટે ટોલટેક્સ નાબૂદ કરવામાં આવ્યો હતો. અમદાવાદ અને રાજકોટ વચ્ચેનો રોડ આમ તો નેશનલ હાઈવે (નેશનલ હાઈવે નં-૮બી, નેશનલ હાઈવે ન- ૪૭)નો ભાગ છે. પણ રાજકોટથી અમદાવાદ વચ્ચેના રોડનું કામ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૩માં આ રોડને ફોરલેન બનાવવામાં આવ્યો હતો. આથી આ હાઈવે પર પણ ફોરવ્હીલ માટે ટોલટેક્સ નાબૂદ કરવામાં આવ્યો હતો.

## જમ્મુમાં કાશ્મીરી પંડિતોની દુકાનો પર બુલડોઝર ફેરવી દેતા જબરો વિરોધ

- ‘વિકાસ’ના નામે દશકાઓથી ધંધો કરતા પંડિતોની ‘રોજી’ છીનવી લેવા અબ્દુલ્લા સરકારનું કૃત્ય



**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરમાં ઉમર અબ્દુલ્લા સરકારના આગમન બાદ એક તરફ વધેલા ત્રાસવાદી હુમલાની ચિંતા વચ્ચે રાજય સરકારે જમ્મુમાં કાશ્મીરી પંડિતોની દુકાનો પર બુલડોઝર ફેરવી દેતા તેનો જબરો વિરોધ સર્જાયો છે. જમ્મુ ડેવલપમેન્ટ ઓથોરીટીએ ગઈકાલે કાશ્મીર ખીણમાંથી હિજરત કરીને અહી વસેલા કાશ્મીરી પંડિતોની લગભગ ૧૨ દુકાન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. લગભગ બે દશકા પુર્વે ખીણમાંથી લાખો કાશ્મીરી પંડિતોને હિજરત કરવાની ફરજ પડી હતી. ખીણમાં તો તેમના મકાન-દુકાનો અને અન્ય મિલ્કતો તો અહી વસતા અન્ય સમુદાયના લોકોએ કબજે કરી જ લીધી છે પણ જમ્મુ ક્ષેત્ર જે હિન્દુ બહુમતી ધરાવે છે ત્યાં વસેલા કાશ્મીરી પંડિતોને પણ હવે ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. આ બુલડોઝર કાર્યવાહીમાં દુકાનદારોએ જણાવ્યું કે તેઓને કોઈ નોટીસ આપવામાં આવી ન હતી અને ફકત ૨૪ કલાકમાંજ દુકાનો ખાલી કરવા જણાવ્યું હતું. હવે ભાજપ-પીડીપી અને અપની પાર્ટીએ રાજય સરકારના આ પગલાનો વિરોધ કરીને ધરણા પ્રદર્શન યોજયા હતા તથા તેઓએ આ તોડી પડાયેલી દુકાનોના સ્થાને નવી ખોલી આપવા સરકાર સમક્ષ માંગ કરી હતી.

## પ્રધાન મંત્રી ટી.બી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ચોટીલા તાલુકામાં ક્ષય રોગ નિદાન માટે X-Ray અને જાગૃતિ કેમ્પ યોજાયો



**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**
(અહેવાલ : મોહસીનખાન પઠાણ)

પ્રધાન મંત્રી ટી.બી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકામાં ક્ષય રોગના નિદાન માટે વિશિષ્ટ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં જિલ્લા ક્ષય અધિકારી તથા જિલ્લા કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આવનાર દિવસોમાં ટી.બી નાબૂદી માટે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં આ પ્રકારના કેમ્પના આયોજનની જાહેરાત કરી હતી.

આ કેમ્પ ફોલ્હેરી ટ્રસ્ટ અને જિલ્લા ક્ષય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયો જેમાં ચોટીલા તાલુકાના ગામો તેમજ આસપાસના ગામોના લાભાર્થીઓ માટે નિશુલ્ક X-Ray સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પનો મુખ્ય હેતુ ચોટીલા તાલુકાના મોટી મોલડ, ઝિંઝુડા, સણોસરા, આણંદપુર સહિત નજીકના વિસ્તારોના લોકોમાં ક્ષય રોગની વહેલી તકે ઓળખાણ કરી તેની અસરકારક સારવાર શરૂ કરાવવી હતો. X-Ray દ્વારા નિદાન ઉપરાંત, જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવ્યું, જેના માધ્યમથી લોકોને ક્ષય રોગના લક્ષણો અને તેની સારવાર અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ સંયુક્ત પ્રયત્નોનો ઉદ્દેશ સુરેન્દ્રનગર જિલ્લાને આવનાર દિવસોમાં ટી.બી મુક્ત બનાવવાનો છે. આ અંતર્ગત, ફોલ્હેરી ટ્રસ્ટ અને જિલ્લા ક્ષય કેન્દ્રના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં આ પ્રકારના X-Ray અને જનજાગૃતિ કેમ્પ યોજવા માટેની યોજના છે.


## ગોંડલના સુલતાનપુરમાં વાડીએ કુવામાં પડી જતા યુવાનનું મોત



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકા નાં સુલતાનપુર ગામે પોતાની વાડીએ કુવામાં પડી જતા યુવાન નું ડુબી જવાથી મોત નિપજ્યું હતું.પ્રાપ્ત વિગત મુજબ સુલતાનપુર નાં પટેલ સમાજ વાડી સામે રહેતા અને ખેતીકામ કરતા વિનુભાઈ શંભુભાઇ ગોંડલીયા ઉ.૪૬ બપોર નાં સુમારે સીમમાં આવેલી પોતાની વાડીએ હતા ત્યારે કુવામાં કબુતર મરી ગયા હોય પાણીમાં દુર્ગંધ આવતી હોવાથી કબુતર બહાર કાઢવા કુવા પડ્યાં હતાં.કુવાની અંદર પગા પર ઉભા રહી પાણીમાં થી કબુતર કાઢી રહ્યાં હતા.તે વેળા પગ લપટી જતા કુવાનાં ઉંડા પાણીમાં ખાબક્યાં હતા. તરતા આવડતું ના હોય પાણીમાં ડુબી જવાથી તેનું મોત નિપજ્યું હતુ.દરમિયાન તેનાં નાનાભાઇ વાડીએ આવતા વિનુભાઈ ની તપાસ કરતા કુવામાં નજરે પડતા તુરંત સગા સબંધીઓ તથા પોલીસ ને જાણ કરી હતી. બાદ માં વિનુભાઈ નાં મૃતદેહ ને કુવામાં થી બહાર કાઢી પીએમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતક વિનુભાઈ બે ભાઈઓ માં મોટા હતાં. અને અપરણીત હતા.બનાવ અંગે સુલતાનપુર પોલીસે તપાસ હાથ ધરીછે.

## જામનગરનું હવાનું પ્રદૂષણનું સ્તર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ચિંતાજનક



**મુખ્ય સમાચાર,જામનગર**


જામનગરનું હવાનું પ્રદૂષણનું સ્તર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ચિંતાજનક છે. દિલ્હી પછી હવે જામનગરની હવા પણ પ્રદૂષણથી ગંભીર રીતે પ્રભાવિત થઈ રહી છે. શહેરના અનેક વિસ્તારોમાં હવાની ગુણવત્તા સૂચકાંક ૧૦૦ ને પાર પહોંચી ગયો છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

તાજેતરના માપદંડો અનુસાર, જામનગર સૌરાષ્ટ્રનું ત્રીજું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું છે. ૧૬૦ના એર ક્વોલીટી ઈન્ડેક્ષ સાથે શહેરની હવાની ગુણવત્તા.ખૂબ જ ખરાબ હોવાનું સામે આવ્યું છે. આ પરિસ્થિતિ માટે સ્થાનિક ઉદ્યોગોને જવાબદાર ગણાવવામાં આવી રહ્યા છે. ઉદ્યોગોમાંથી નીકળતો ધુમાડો અને હાનિકારક વાયુઓ હવાને પ્રદૂષિત કરી રહ્યા છે. આ ઉપરાંત, વાહન વ્યવહાર અને ધૂળના કણો પણ હવા પ્રદૂષણમાં મહત્વનો ફાળો આપી રહ્યા છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આ સમસ્યા પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયું છે.ઉદ્યોગો દ્વારા પ્રદૂષણ નિયમોનું ઉલ્લંઘન કરવા છતાં, બોર્ડ દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. ઉદ્યોગોમાં જે ભઠ્ઠીઓમાં જે ચીમનીઓ ફીટીંગ કરવામાં આવે છે તેમાં પણ ૮૦ ટકા ધુમાડાઓ ખુલ્લા વાતાવરણમાં ભળી રહ્યા છે. આવી ચીમનીઓ બનાવનારા સામે કોઈ પ્રકારની તપાસ કે કાર્યવાહી કરવામાં આવતી નથી. જામનગરના નાગરિકો આ પરિસ્થિતિથી ખૂબ જ ચિંતિત છે.

જામનગરના પ્રદુષણ અંગે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીનો ટેલિફોનિક સંપર્ક કરેલ પરંતુ તેઓ ફોન ઉપડવાના બદલે મેસેજ કરવા જણાવ્યું હતું. શહેરમાં વૃક્ષારોપણ કરવા, વાહન વ્યવહારને નિયંત્રિત કરવા અને ધૂળના કણોને નિયંત્રિત કરવા માટેના પગલાં લેવા જરૂરી છે.જો આ સમસ્યા પર તાત્કાલિક ધ્યાન ન આપવામાં ન આવે તો, જામનગરની હવાની ગુણવત્તા વધુ બગડશે અને નાગરિકોના સ્વાસ્થ્ય પર તેની ગંભીર અસર પડશે.

## મોરબીમાં ડો. હસ્તીબેન મહેતાના ૧૪૪માં એક દિવસીય મેડિકલ કેમ્પનું સફળ આયોજન





મોરબીમાં ડો.હસ્તીબેન મહેતાના ૧૪૪ માં એક દિવસીય મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં શહેરના મકરાણીવાસ ખાતે આવેલ ડો.અવેશ શ્રી યુસુફ ચાનિયાના ક્લિનિકમાં સ્વ. જયેન્દ્રભાઈ છગનલાલ નીરંજનીની પુનિત યાદમાં ગંગાસ્વરૂપ દમયંતીબેન અને પરિવારના સહયોગથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કેમ્પમાં વજન, બીપી, બ્લડ સુગર અને તબિયતની સંપૂર્ણ તપાસ સાથે દર્દીઓને મફત દવાઓ અને વિશેષ સારવાર આપવામાં આવી હતી. મોરબીમાં ડો.હસ્તીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આયોજિત આ મેડિકલ કેમ્પમાં મકરાણીવાસ ખાતે ડો.અવેશ ચાનિયાના ક્લિનિકમાં મોટી સંખ્યામાં દર્દીઓએ ઉપસ્થિત રહી સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પમાં દર્દીઓના વજનની તપાસ, બ્લડ પ્રેશર અને બ્લડ સુગરનું મફત પરીક્ષણ કરીને ત્રણ દિવસની મફત દવાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત, દર્દીઓને વધુ સારવારની જરૂર હોય તે માટે વિશેષ સલાહો આપવામાં આવી હતી. વધુમાં આ કેમ્પમાં જયસુખભાઈ ભાલોડીયાએ સાંધા અને હાડકાના દુખાવાના દર્દીઓને પોઈન્ટ થેરાપી દ્વારા ખાસ સારવાર આપી, જેને કારણે અનેક દર્દીઓએ રાહતની લાગણી અનુભવી હતી. આ કેમ્પને સફળ બનાવવા વકીલ યુસુફભાઈ અને તેમના પરિવાર સાથે તેમજ મદદરૂપ થયેલા સહયોગીઓ જેમ કે ખેરુનબેન દાદમામદ બ્લોચ, રશ્મિનભાઈ દેસાઈ, દર્શના બહેન ત્રિવેદી, કૌશીકા બહેન રાવલ અને જનકભાઈ ભટ્ટ સહિતનાઓએ આ મનોરથી કાર્યમાં સેવા આપેલ હતી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સૌ પ્રથમવાર ડ્રોનથી ગાંજાનુ વાવેતર પકડતી પોલીસ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર પોલીસ દ્વારા ડ્રોન કેમેરાથી ગાંજાનું વાવેતર ઝડપાયું છે જેમાં ગાંજાનું વાવેતર કરનાર એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે,કપાસની આડમાં ગાંજાનું વાવેતર કરવામાં આવતું હતુ તો ધજાળાના નવાગામની સીમમાંથી આ વાવેતર ઝડપાયું છે. એલસીબીએ માલા ડાભી નામના શખ્સને ઝડપી પાડયો છે,૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

સુરેન્દ્રનગર એલસીબીએ ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી ગાંજાનુ વાવેતર ઝડપી પાડયું છે આ વાવેતર કપસાની આડમાં કરાતું હતુ તેવી માહિતી પોલીસને મળી હતી તો પોલીસે ડ્રોન કેમેરાની મદદ લીધી અને ગાંજાના છોડ ઝડપી પાડયા હતા, ધજાળા ગામની સીમમાંથી આ વાવેતર ઝડપી પાડવામાં આવ્યું છે.૫ નંગ અને ૧૧ કીલો વજન સાથે ૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે માલાભાઈ ડાભીને ઝડપી લીધો છે. પોલીસે ડ્રોન કેમેરાથી ખેતરમાં સર્ચ કર્યુ તો વચ્ચોવચ ગાંજાનુ વાવેતર કેમેરામાં દેખાયું હતુ જેને લઈ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના જાનીવડલા ગામની સીમમાથી લીલા ગાંજાના ૩૦ છોડ સાથે શખસ ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. જેમાં સુરેન્દ્રનગર એસઓજી ટીમે રૂ. ૩,૬૩,૦૦૦ની કિંમતના ૩૬ કિલો



૩૦૦ ગ્રામ લીલા ગાંજા સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથધરી હતી.સુરેન્દ્રનગર એસઓજી ટીમના પીઆઈ બી.એચ.શીંગરખીયાને પાક્કી બાતમી મળી હતી કે, ચોટીલા તાલુકાના રાજપરા ગામના ગોવિંદભાઈ કુકાભાઈ રોજાસરા જાનીવડલા ગામની સીમમા આવેલા પોતાના ખેતરમા તુવેર તથા બીટી કપાસ જેવા પાકની આડમાં ગેરકાયદેસર ગાંજાના છોડનું વાવેતર કરેલું છે અને આ ગાંજાના છોડ તેઓએ વેચાણ માટે વાવેલા છે.


## સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ ભાવનગરમાં યોજાશે

(અહેવાલ : મોહસીનખાન પઠાણ)

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા ગુજરાત સ્તરનો સિપાઈ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો તેમજ રમત-ગમત કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જિલ્લામાં, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ત્રણ નંબર પર સિધ્ધિ પ્રાપ્ત કરેલ યુવાઓનો અને પાસ થયેલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા વર્ષ ૨૦૨૩-૨૪ માં સરકારી નોકરી પ્રાપ્ત કરનાર યુવાઓનો છઠ્ઠો સન્માન સમારોહ તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ ભાવનગર મુકામે અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ ખાતે યોજવામાં આવનાર છે. જેમાં ધોરણ ૮ અને ૯ માં ૮૦ % કે તેથી વધુ, ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ( કોમર્સ/આર્ટસ) માં ૬૦ % કે તેથી વધુ, ધોરણ ૧૧, ૧૨ (સાયન્સ) માં ૫૦ % કે તેથી વધુ, કોલેજ કે અન્ય ફેકલ્ટીના ગ્રેજ્યુએશન કે પોસ્ટ ગ્રેજ્યુએશન માં ૫૦ % કે તેથી વધુ માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે.આ પ્રમાણેની લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ તથા યુવાનોએ તા.૨૪/૧૧/૨૦૨૪ સુધીમાં જે તે ગામ કે શહેરના સિપાઈ સમાજ ટ્રસ્ટના કાર્યકરનો સંપર્ક કરી પોતાની લાયકાતનું સર્ટિફિકેટ તથા પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તથા સર્ટિફિકેટની પાછળ પોતાનું આખું નામ, એડ્રેસ, ગામનું નામ, મોબાઈલ નંબર તથા જે સિપાઈ જમાતમાં હોય તે જમાતનું નામ લખી સર્ટિફિકેટ કાર્યકર્તાઓ ને આપી પહોંચ મેળવી લેવી. વધારે વિગતો માટે રાજકોટ જિલ્લા માટે રાજકોટ શહેરમાં આસિફભાઈ સિપાઈ ૮૪૬૦૬૭૮૬૯૨, મુશરફભાઈ મોગલ ૭૭૭૮૯૫૬૭૩૯, પરવેઝભાઈ કુરેશી ૯૭૧૪૯૭૫૫૮૫, હનીફભાઈ મોગલ, ગોંડલ શહેરમાં તસ્લીમખાન સોલંકી તથા દિલાવરભાઈ રાઠોડ, જેતપુરમાં વાહિદ એહમદ કુરેશી, વીંછીયામાં ઈમરાનખાન પઠાણ અને અશરફભાઈ મિરાસૈયદ, ઉપલેટા અને ધોરાજી માટે સાદીકભાઈ બેલીમ, જસદણ માટે રફીકભાઈ ચૌહાણ નો સંપર્ક કરવો.

## ઉનાના સનખડા ગામનો બુટલેગર પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, ઉના**
(અબ્દુલ પઠાણ દ્વારા )



ઊના તાલુકાના સનખડા ગામ નાં નામચીન બુટલેગર અને પૂર્વ સરપંચ સતુ ગોહીલ સહિત ચાર શખ્શો સામે ૧૮ લાખ નો ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને નાદરખ ગામ પાસે ગૌચરની જમીનમાં ઊતારી કટીંગ કરતો હતો. આ વખતે અચાનકજ ઊના પોલીસ ને અંધારામાં રાખી ગીર સોમનાથ જિલ્લા એલસીબી બ્રાન્ચ ત્રાકટી પકડી પાડી ઊના પોલીસ ને સોંપેલ હતો આ ઝડપાયેલ દારૂ નો મુખ્ય સુત્રધાર કુખ્યાત બુટલેગર સતુ કાળુભાઈ ગોહીલ હોવાનું અને દમણ થી દારૂ મંગાવવાનું ખુલ્યા બાદ નાશી છુટેલા આ શખ્સ ને અમદાવાદ ખાતે થી ઊના પોલીસ એ પકડી જેલ હવાલે કર્યો હતો જે અનુસંધાને ઉના ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરી ના માર્ગદર્શન હેઠળ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા મારફત ગીર સોમનાથ જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર દિગ્વિજયસિંહ ડી. જાડેજા ને મોકલાયેલ હતી બુટગલેર વિરૂધ્ધ પાસા વોરન્ટ ઈસ્યુ કરવામાં આવતાં જે અનુસંધાને એલ.સી.બી.ના ઇ.ચા.પો.ઈન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. એ.સી.સિંધવ તથા પો.હેડ કોન્સ. રાજુભાઇ ગઢીયા, તથા ગોવિંદસિંહ વાળા પો.કોન્સ. વિજયભાઇ ચૌહાણ તથા રાહુલભાઇ છેલાણા તથા પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઇ. સુભાષભાઈ ચાવડા, તથા પો.હેડ કોન્સ. પ્રવિણભાઇ મોરી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સંયુકત રીતે મળેલ બાતમી આધારે સતુ કાનાભાઈ ગોહિલ ને પાસા અટકાયતી કાયદા હેઠળ પકડી પાડી ભુજ ની ખાસ જેલમાં ધકેલી દીધો હતો.

## મોરબી સીટી બી ડીવીઝન પોલીસની સફળ કાર્યવાહી:પાંચ ચોરીના મોટર સાયકલ સાથે આરોપીને દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી જીલ્લામાં ચોરીના ગુનાઓને અટકાવવા અને આવી પ્રવૃતિઓમાં સંડોવાયેલ આરોપીઓને પકડી લેવા જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સીટી બી ડીવીઝન પોલીસે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અન્વયે વાહન ચેકિંગની કામગીરીમાં કાર્યરત હોય તે દરમિયાન શંકાસ્પદ હાલતમાં નીકળેલ મોટરસાયકલ ચાલક પાસે કાયદેસરના દસ્તાવેજી કાગળો ન હોય જેથી સઘન તપાસમાં મોટરસાયકલ ચોરી કરેલ હોવાનું સામે આવ્યું હતું, તેમજ ચોરીના કુલ પાંચ મોટરસાયકલ પકડાયેલ આરોપીના કબ્જામાંથી પરત મેળવવામાં બી ડિવિઝન પોલીસ ટીમને સફળતા મળી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબી સીટી બી ડિવિઝન પીઆઈ એન.એ.વસાવા તથા સર્વેલન્સ સ્ટાફ સહિતની પોલીસ ટીમ શોભેશ્વર રોડના નાકા પાસે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન એક શંકાસ્પદ મોટર સાયકલ ટીસથી પસાર થતા તેને રોકી મોટર સાયકલના કાગળો માંગતા તેની પાસે નહી હોવાનુ જણાવ્યું હોય જેથી પોલીસે પોકેટકોપ મોબાઈલ એપ્લીકેશનમા સર્ચ કરતા ઉપરોક્ત મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-ઈએચ-૫૦૦૭ ચોરીનું હોય અને બી ડિવિઝન પોલીસ મથકમાં ચોરી અંગેની ફરિયાદ અંતર્ગતનું હોય જેથી આરોપી શક્તિભાઈ સુખાભાઈ કેશાભાઈ વીંછીયા ઉ.વ.૨૦ રહે- ગામ કુડા જી.સુરેંદ્રનગર વાળાની અટકાયત કરવામાં આવી હતી.

ઉપરોક્ત મોટર સાયકલ ચોરીમાં પકડાયેલ આરોપી શક્તિભાઈ સઘન પુછપરછ કરતા મોરબીમાં આવેલ સમર્પણ હોસ્પિટલ પાસેથી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ તેમજ અન્ય ચાર જેટલા મોટર સાયકલ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા કુલ પાંચ મોટર સાયકલ બી ડિવિઝન પોલીસે કબ્જે કરી આરોપી વિરૂધ્ધ કાયદેશરની કાર્યવાહી કરવામાં આવી છે.

## ભારતના ડેલિગેશન દ્વારા પોર્ટુગલમાં આંતરરાષ્ટ્રીય બેઠકમાં ચીનના પ્રસ્તાવનો સર્વાનુમતે વિરોધ કરાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



આ મીટીંગ દરમિયાન ચીન તરફથી નસ્ત્રઈલાસ્ટિક મોડ્યુલસ ફોર સબસ્ટ્રેટ્સ એન્ડ ગ્લેઝ લેયરસ્નસ્ત્ર નામના ફરજીયાત ટેસ્ટને આંતરરાષ્ટ્રીય સ્તરે દાખલ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ભારતના પ્રતિનિધિ દ્વારા આ પ્રસ્તાવનો કડક વિરોધ નોંધવામાં આવ્યો, જેને અમેરિકા, ઈટાલી, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા અને તુર્કીના ડેલિગેટ્સ દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો. મોરબી સીરામીક એસોસિએશનની પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર તારીખ ૨૧ નવેમ્બરના રોજ પોર્ટુગલમાં ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇજેશનની વર્કીંગ કમિટીની મીટીંગ યોજાયેલ હતી. જેમાં આઈએસઓ ટીસી/૧૮૯ ટાઈલ્સ માટેનુ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈજેશન છે. જેમાં પુરા વિશ્વભરમાંથી ૨૯ દેશ સભ્ય છે. તેમાંથી ૨૧ દેશના ડેલિગેશનઆઈએસઓ ટીસી /૧૮૯ ની મીટીંગમાં હાજર રહેલ. આ વર્કિંગ કમીટીની મીટીંગ પોર્ટુગલ ના ઈલ્હાવો સિટીમાં તા. ૨૧ થી ૨૩ નવેમ્બર આયોજીત થયેલ. જેમાં ભારતીય ડેલિગેશન ના પ્રતિનિધી તરીકે ચાર મેમ્બર આ મીટીંગ માં હાજરી આપવા ઈલ્હાવો-પોર્ટુગલમાં હાજર રહ્યા હતા. જેમાં પ્રસાંત યાદવ- સેક્રેટરી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ-દિલ્હી, પ્રિજમ જોનસન લિમિટેડ-દેવાસ એમપી- આર એન્ડ ડી હેડ સુદિપ્તો સાહા અને મોરબી સિરામિક એસોસિએશન પ્રમુખ હરેશ બોપલિયા, જેરામભાઈ કાવર- નેશનલ સેરા લેબ હાજરી આપેલ હતી. આ કમિટી મીટીંગમાં ૨૧ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ચાઇના તરફથી ઈલાસ્ટીક મોડ્યુલસ ફોર સબટ્રેસ એન્ડ ગ્લેઝ લેયર નામનો ટેસ્ટ ફરજીયાત દાખલ કરવા માંગતા હતા અને આ બાબતની ટેસ્ટ મેથડ રજુ કરેલ હતી. જેમાં ભારતીય ડેલિગેશન તરફથી જોરદાર વિરોધ નોંધાવેલ હતો અને આ વિરોધને ટેકો આપવા માટે અમેરિકા, ઈટાલિ, બ્રાઝીલ, ઓસ્ટ્રેલયા અને તર્કીના ડેલિગેશન આગળ આવ્યા હતા અને ધારદાર રજુઆત કરી હતી. ચાઈના સામે ભારતના આ વિરોધની કમિટીના ચેરમેન ડો.સેન્ડર્સ જોહ્ન પી.- અમેરિકાએ નોંધ લઈને ભારતની તરફેણમાં નિર્ણય આપવા માટે આશ્વાશન આપેલ હતુ. આ નિર્ણયની માહીતી મિટીંગની મીનિટ નોંધમાંથી નોંધ પડ્યે નક્કી થશે કે ચેરમેને શુ ચુકાદો આપ્યો ? આ કમિટીમાં ચેરમેનનો ચુકાદો આખરી અને ફાઈનલ હોય છે. આ ટેસ્ટ આવવાથી આપણા મોરબીના જીવીટી બનાવતા એકમોને ઘણી બધી નુકસાની જાય તેમ છે. કારણ કે આ ટેસ્ટ મુજબની ગુણવતા માટેની ટાઈલ્સ બનાવવા માટે આપણા ભારતમાં આ સ્ટાન્ડર્ડ માટેનુ રો મટીરીયલ અવેલેબલ નથી. જો આ ટેસ્ટ આંતરરાષ્ટ્રિય સ્ટાન્ડર્ડમાં આવે તો આ મુજબની ગુણવતાવાળી ટાઈલ્સ બનાવવા માટે ભારતે બીજા દેશ પર રો મટીરીયલ્સ માટે આધારીત રહેવુ પડે. આ તકે ચાઈનાની મેલી મુરાદને સમયે પારખીને ભારતીય ડેલિગેશને બિન જરુરી ટેસ્ટ મેથડનો વિરોધ કર્યો હતો.

## અમદાવાદના કલાકાર રાજેશ બારૈયાએ પેઈન્ટિંગમા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કર્યું






**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદના કલાકાર રાજેશ બારૈયા, ROOSTER ની રંગબેરંગી છબીઓથી તેમના કેનવાસને રંગે છે. તેઓ શેઠ સી.એન.કોલેજ ઓફ ફાઇનઆર્ટસમાં લેક્ચરર તરીકે છેલ્લા ૧૭ વર્ષથી સેવા આપી રહ્યા છે.તેણે અનેક સોલો શો યોજ્યા છે.તેમજ તેમણે સમગ્ર ભારતમાં અને વિદેશમાં ઘણા પ્રતિષ્ઠિત સમૂહ પ્રદર્શનોમાં ભાગ લીધો છે.

ખજ્ઞમશ૨૦ ટીમના ભાગ રૂપે, સુવદ્રા આર્ટ ગેલેરીના અધ્યક્ષ ડો. સૂર્ય રથ, ઉપાધ્યક્ષ દેબસ્મિતા મોહંતી, ક્રિએટિવ ડિરેક્ટર રાજમાતા ડો. દીપ્તિ દેવી, ગેલેરીના ડિરેક્ટર અશોક નાયક અને સલાહકાર ડો. મિહિર સાહુ ઓડિશાના ગવર્નર રઘુબર દાસને મળ્યા. અને તેમને આ પ્રદર્શનમાં આવવા આમંત્રણ આપ્યું હતું.આ મીટિંગ દરમિયાન રઘુબર દાસે મોદી૨૦માં પ્રદર્શિત થનારી ચિત્રોની સૂચિ પણ બહાર પાડી.આ પ્રસંગે ડો. સૂર્ય રથે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીના વિચારો અને વિઝનનો પ્રચાર કરવા ભારત સહિત સમગ્ર વિશ્વમાં આવા કલા પ્રદર્શનો યોજવાની યોજના છે.ગુજરાત-અમદાવાદથી અમારી ટીમ નાં આયોજક શેઠ સી.એન.ફાઈન આર્ટસ થી શ્રીરાજેશ બારૈયા છે. ઉલ્લેખનીય છે કે મોદી૨૦ નામનું આ કલા પ્રદર્શન ગયા વર્ષે ભુવનેશ્વર,ગુવાહાટી,નાગપુર,ભોપાલ,અમદાવાદ, બરોડા,વારાણસી અને દિલ્હીની લલિત કલા એકેડમીમાં આયોજિત કરવામાં આવ્યું હતું.

દુબઈ ઈન્ટરનેશનલ પેઈન્ટિંગ exhibition (તા.૯ થી ૧૧-નવેમ્બર-૨૦૨૪ )મોદી૨૦ માટે સ્પોન્સરશિપ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા.સાથે ભાવના રાજપૂત ફ્રીલાન્સ આર્ટીસ્ટ, રાજુ શ્રીમાળી કલાકાર લોકગાયક ગાંધીનગર પણ પેઈન્ટિંગ સામેલ હતા.

# રાજકોટ – દિલ્હી ટ્રેનનાં એસી કોચમાં આગ ભભૂકી: મુસાફરોનો બચાવ


## ટ્રેન થંભાવી આગ પર કાબુ મેળવતા મોટી દુર્ઘટના સહેજમાં ટળી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-દિલ્હી એકસપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરતા એક પ્રવાસીએ એસી કોચમાં સીગારેટ ફુંકતા આગ લાગતા ધુમાડાના ગોટેગોટાથી મુસાફરોના શ્વાસ અધ્ધરતાલ થયા હતા. રેલ્વે વિભાગે તુરત જ ટ્રેન થંભાવી આગ પર કાબુ મેળવતા મોટી દુર્ઘટના સહજમાં ટળી હતી. પ્રવાસીઓને બચાવ થયો હતો.

આ અંગે;ની જાણવા મળતી વિગત મુજબ ટ્રેન નં.૨૦૯૧૩ રાજકોટ-દિલ્હી એકસપ્રેસ ટ્રેન ગુડગાંવ પાસેના રેવારી-ખરતાલ વચ્ચે દોડતી હતી ત્યારે ટ્રેનના એસી કોચમાં આગ લાગતા મુસાફરોની બુમાબુમથી ટ્રેનને થંભાવી આગને કાબુમાં લેવાતા સમયસરની તકેદારીથી મોટી દુર્ઘટના સહજમાં ટળી સાથે મુસાફરોનો બચાવ થયો હતો.

ટ્રેન નં.૨૦૯૧૩નાં એચ-૧ એસી કોચમાં કોઈ મુસાફરે સીગારેટ ફુંકાતા આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યું છે. રેલ્વે તંત્રની સતર્કતાથી આગને કાબુમાં લઈ મોટો બ્લાસ્ટ થતા અટકાવતા મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો. આ ઘટના સમયે ટ્રેનના એસી કોચમાં મુસાફરી કરતા



પ્રવાસી અને ભાજપ અગ્રણી દિનેશભાઈ કારીયાએ એક સંદેશ વહેતો મુકી જણાવ્યું હતું કે રાજકોટ-સરાઈ રોહીલ્લા જતી ટ્રેન નં.૨૦૯૧૩ એચ-૧ લગભગ ૭-૧૫ કલાકે કોઈ પેસેન્જરે સીગારેટ ફુંકી ડસ્બીનમાં ફેંકતા આગ લાગી હતી તે વેળાએ રેલ્વે સ્ટાફની ત્વરીત સમય સુચકતાને કારણે કોચમાં બ્લાસ્ટ થાય તે પૂર્વ જ આગ બુઝાવી નાખી આખા કોચમાં ધુમાડો પ્રસરી વળતા ટ્રેનને થંભાવી મુસાફરોને કોચમાંથી બહાર કાઢયા હતા.

ત્યાર બાદ કોચમાંથી ધુમાડો દુર કરી ટ્રેનને દિલ્હી જવા પ્રસ્થાન કરાવાયું હતું. રેલ્વે સ્ટાફની સતર્કતાના લીધે મોટી દુર્ઘટના સહજમાં ટળી હતી સાથે એક પેસેન્જરની બેદરકારી સામે પ્રવાસીઓએ નારાજગી વ્યકત કરી હતી.

# માર્કેટ યાર્ડમાં પડેલી ટેકાના ભાવે ખરીદેલી મગફળી અને બારદાનના જથ્થામાં આગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં જૂના માર્કેટિંગ યાર્ડમાં પડધરી-લોધિકા સંઘના ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ફાયર બ્રિગેડ સ્ટાફે ચાર ફાયર ફાઈટરો સાથે ધસી આવી બે કલાકની જહેમત બાદ આગ બુઝાવી હતી. આ આગમાં ટેકાના ભાવે ખરીદેલ મગફળીનો જથ્થો અને બારદાન મળી કુલ રૂ.૫.૬૧ લાખનું નુકસાન થયાનું બહાર આવ્યું છે.

જાણવા મળતી વિગતો મુજબ જૂના માર્કેટિંગ યાર્ડમાં રાજકોટ પડધરી-લોધિકા સંઘના બારદાનના ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા નાસભાગ મચી ગઈ હતી. જાણ કરતા ફાયર બ્રિગેડ ચાર ફાયર ફાઈટર સાથે પહોંચી બે કલાકની ભારે જહેમત બાદ આગ બુઝાવી હતી. આગના બનાવમાં ફાયર બ્રિગેડે જણાવ્યું હતું કે, આગ બારદાનની ગાંસડીમાં લાગી હતી અને મગફળીના આશરે ૨૦૦૦થી ૨૫૦૦ કટ્ટા બચાવી લીધા હતા અને આગમાં આશરે પાંચ હજારથી વધુ બારદાન બળીને ખાખ થઈ ગયા હતા.

જ્યારે બનાવની જાણ થતા લોધિકા સંઘના આગેવાનો ધસી ગયા હતા. દરમિયાન સંઘના કર્મચારી મંડળના મંત્રી જયસુખભાઈએ દિવ્ય ભાસ્કર સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, આગમાં ૫૦થી ૬૦ હજાર બારદાન અને તેમજ ૪૦-૫૦ કોથળા મગફળી સળગી જતા ભારે નુકસાન થયું છે.



તાજેતરમાં ટેકાના ભાવે ખરીદેલ મગફળીની આવક હોય જેમાં ૧૧૪નો લોટનો જથ્થો ખરીદી કરી પડ્યો હોય જેમાં ૫૦-૬૦ કોથળા બચાવી લીધા હતા અને ૪૦-૫૦ કોથળા સળગી ગયા હતા જેમાં એક કોથળામાં ૩૫ કિલો હોય અંદાજે ૮૦ મણ મગફળી સળગી ગઈ હતી. જેમાં એક મણના ૧૩૫૬ રૂપિયા ખરીદીનો ભાવ હોવાનું તેમજ ૫૦-૬૦ હજાર બારદાન સળગી ગયા હોય જેમાં એક બારદાનની કિંમત ૮૦ રૂપિયા હોય જેથી કુલ રૂ.૫.૬૧ લાખનું નુકસાન થયાનું તેમજ આગ શોર્ટ સર્કિટથી લાગ્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા ફાયર બ્રિગેડ સ્ટાફે આગનું સાચું કારણ જાણવા મથામણ કરી છે.


# રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન માટે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન માટે જીવણભાઈ પટેલે ફોર્મ ભર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ચુંટણી પ્રક્રિયામાં આજરોજ, તા. ૨૨ને શુક્રવારે, ચેરમેન માટે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન માટે જીવણભાઈ પટેલે સર્વાનુમતે ફોર્મ ભર્યું હતું અને નિયત સમયમાં અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ભરેલ નથી.

ચેરમેન તરીકે દિનેશભાઈ પાઠકના નામ માટે દેવાંગભાઈ માંકડે દરખાસ્ત મૂકી હતી અને ચંદ્રેશભાઈ ધોળકિયાએ ટેકો આપેલ હતો. જયારે વાઈસ ચેરમેન તરીકે જીવણભાઈ પટેલના નામ માટે માધવભાઈ દવેએ દરખાસ્ત મૂકી હતી અને અશોકભાઈ ગાંધીએ ટેકો આપેલ હતો.

દિનેશભાઈ પાઠક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સમર્પિત કાર્યકર છે. તેઓ નેશનલ ઈન્સ્યુરન્સ કંપનીમાં સીનીયર બ્રાંચ મેનેજર તરીકે કાર્ય કરતા હતા. રાજકોટ નાગરિક સહકારી બેંક લી.માં



શ્રી જીવણભાઈ પટેલ



શ્રી દિનેશભાઈ પાઠક

૨૦૨૧-૨૦૨૨માં કો-ઓપ્ટ ડીરેક્ટર તરીકે સેવા આપી હતી. ત્યારબાદ ૨૦૨૨થી ડીરેક્ટર તરીકે કાર્યરત છે.

ગેલેકસી ગ્રુપના જીવણભાઈ પટેલ જાણીતા ઉદ્યોગપતિ છે. વડીલ જીવણભાઈ હસમુખા સ્વભાવના માલિક છે. તેઓએ બેંકમાં ૨૦૦૪ થી ૨૦૨૨ સુધી ડીરેક્ટર તરીકે અને ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી વાઈસ ચેરમેન તરીકે સેવા આપી હતી.

આવતીકાલ, તા. ૨૩ને શનિવારે સવારે ૧૧ જીલ્લા કલેકટર અને રીટર્નીંગ ઓફીસર શ્રી પ્રભાવ જોશીની ઉપસ્થિતિમાં રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની હેડ ઓફિસ, અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલયના ચોથા માળે આવેલ બોર્ડ રૂમમાં ડીરેકટરોની મીટીંગ યોજાશે અને તેમાં શ્રી પ્રભાવ જોશી નવા ચેરમેન માટે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન માટે જીવણભાઈ પટેલના નામની વિધિવત ઘોષણા કરશે.

# જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણુક બાબતે સરકારને સણસણતો તમાચો મારતી હાઈકોર્ટ: ગજેન્દ્રસિંહ ઝાલા

## હાઈકોર્ટના નિર્ણયને પગલે દળમાં રાજકીય દખલગીરી બંધ થશે:શાસક પક્ષે લાંબા સમયથી હોમગાર્ડઝ કચેરીઓ ને રાજકીય અખાડો બનાવી દીધી છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર પૂર્વ હોમગાર્ડ અગ્રણી, જાણીતા આરટીઆઇ એક્ટિવિસ્ટ ગજેન્દ્રસિંહ ઝાલા ની યાદી મુજબ રાજ્યમાં જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણુકમાં રાજકીય દખલગીરી વધી જતા અને શાસક પક્ષના મળતીયાઓને આવી નિમણૂકો લાયકાત વગર સરકારના ધારા ધોરણો ને કચરાપેટીમાં પધરાવીને અપાતી હોવાને કારણે ગુજરાત રાજ્ય હોમગાર્ડ દળની કચેરીઓ લાંબા સમયથી રાજકીય અખાડો બનાવી દીધી હતી. જેમાં તાજેતરમાં જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની (કલાસ ૧) નર્મદા જિલ્લાની ગેરકાયદેસર બંધારણીય વિરુદ્ધમાં થયેલી નિમણૂક અંગે રાજ્ય સરકારના નિર્ણયને ફગાવી દીધો હતો અને જવાબદારોની સામે ૧૦,૦૦૦ ના દંડનીય કાર્યવાહી કરવા હાઈકોર્ટે આદેશ આપેલ છે જે આદેશને અભિનંદન સાથે આવકારીએ છીએ. હાઈકોર્ટે નોંધ્યું હતું કે હોમગાર્ડઝ દળમાં માનદ ધોરણે નિમણૂક કરાતી હોય છે. તારીખ ૨૩/૯/૨૦૧૮ ના પરિપત્ર ની કલમ ૩(એ) (ખ) મુજબ લઘુતમ શૈક્ષણિક લાયકાત હોમગાર્ડ ના જવાન માટે પણ ધોરણ ૧૦ ની છે. સરકાર દ્વારા જે જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણૂક કરાઈ છે તે ધોરણ નવ પાસ છે. હાઈકોર્ટે આ પ્રકારે હોમગાર્ડઝ ડિપાર્ટમેન્ટમાં કાયદાકીય જોગવાઈ થી વિપરીત જઈને નિમણૂક કરવાના રાજ્ય સરકારના નિર્ણયને લપડાક મારી સણસણતો તમાચો માર્યો છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એએસ સુપહીયા અને જસ્ટિસ ગીતા ગોપીની ખંડપીઠે સ્પષ્ટ કરી દીધું હતું કે મ:નદ ધોરણે અપાતી નિમણૂક પણ રાજ્ય સરકાર કાયદાકીય જોગવાઈઓ અને વૈધાનિક જોગવાઈઓને અવગણી શકે નહીં.

વર્ષ ૨૦૧૩, ૨૦૧૮, ૨૦૨૧ અરજીઓ મંગાવીને જે અરજીમાં રાજ્ય સરકારે બિન રાજકીય અને ગ્રેજ્યુએટ અને હોમગાર્ડ માં અનુભવી હોય તે એનસીસી પ્રમાણપત્ર, કોઈપણ રાજકીય પક્ષો સાથે સંકળાયેલા ન હોય તેવા, મેડિકલ રીતે પૂરતા ફિટ હોય સહિતની લાયકાત ના ધારા ધોરણ હોય તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવ્યા બાદ આવી અસંખ્ય અરજીઓ રાજ્ય સરકારે કચરાપેટીમાં પધરાવી દીધી. અને છેલ્લે છેલ્લે અરજીઓ પોતાના મળતીયાઓ પાસેથી મગાવીને લાયકાત વગરના ઉંમર વટાવી ચૂકેલા, શાસક પક્ષ સાથે ઘરોબો ધરાવનારા, મેડિકલ અનફિટ, તાલીમ વગરના ની નિમણૂકો રાજ્ય સરકાર દ્વારા ફટાફટ કરી દેવામાં આવી. વધુમાં એક સમયે કેન્દ્ર સરકારના ચૂંટણી પંચે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડને રાતોરાત ઘર ભેગા કરી દેવામાં આવ્યા હતા. રાજ્યમાં વર્ષ ૧૯૯૫ માંભાજપની સતારૂઢ થયેલી કેશુભાઈની સરકારે કોંગ્રેસના તમામ જિલ્લા કમાન્ડર હોમગાર્ડને તાત્કાલિક હટાવી દેવાય એ હતા અને તત્કાલીન સમયે સંઘ પરિવાર સાથે




ઘરોબો ધરાવતા જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝને નિમણૂક કરી દીધી હતી. જેમાંના કેટલાક જિલ્લા કમાન્ડર હોમગાર્ડ પોલીસ ચોપડે ચડી ચૂક્યા હતા. ત્યારબાદ મોદી સરકાર આવતા રાતોરાત કેશુભાઈને નિમણૂક કરાયેલા તમામ જિલ્લા કમાન્ડર હોમગાર્ડઝને મોદી સરકારે રાતોરાત કોઈપણ કારણ આપ્યા વગર હકાલપટ્ટી કરી દીધી રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ માં કમાન્ડન્ટ ૨૦૧૯ થી અલગ પોસ્ટ ઉભી કરવામાં આવી છે જેમાં હાલ રાજકોટ શહેર કમાન્ડન્ટ હોમગાર્ડઝની અલગ ઓફિસ ફાળવી દેવામાં આવી છે. અલગ સ્ટાફ છે. શહેરનું અલગ બજેટ છે. શહેર અને જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ ઉમેદવારો પાસેથી રાજ્ય સરકારે અરજીઓ મંગાવ્યા બાદ શહેર કમાન્ડન્ટ હોમગાર્ડઝની અરજીઓ ગ્રુહ ખાતામાં ધૂળ ખાઈ રહી છે. લાયકાત ધરાવતા ઉમેદવારો હોવા છતાં શહેરમાં છેલ્લા છ વર્ષથી નિમણૂક ટલ્લે ચડી છે. જિલ્લામાં બાર વર્ષ પછી નિમણૂક થઈ ગઈ હાલ શહેરનો કમાન્ડન્ટ નો ચાર્જ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડને સુપ્રત કરેલ છે. શહેરમાં કમાન્ડન્ટ હોમગાર્ડઝની અલગ પોસ્ટ ઉભી કરાયા બાદ આ પોસ્ટ પર નિમણૂકના શ્રી ગણેશ થયા નથી તેમ અંતમાં ગજુભાની યાદીમાં જણાવ્યું છે.

# નવેમ્બરના ૨૨ દિવસ નીકળી ગયા છતા રાજકોટની સસ્તા અનાજની ૪૫ દુકાનો ઘઉં-ચોખા પહોંચ્યા નથી !!

## જવાબદાર અધિકારીઓએ હાથ ખંખેર્યા: રાજકોટ ઉપરાંત રાજયભરમાં આ સ્થિતિ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતના લગભગ ૭૪ લાખ પરિવારને અન્ન સુરક્ષા કાયદા ૨૦૧૩ અન્વયે મળવાપાત્ર ઘઉં ચોખાનો જથ્થો આપવાની કાયદાકીય જવાબદારી રાજ્ય સરકારની છે અને રાજ્ય સરકારની સૂચના અન્વયે સમયસર જથ્થો વ્યાજબી ભાવની દુકાન ઉપર પહોચે અને ત્યાંથી લાભાર્થીઓ ને મળે એવી વ્યવસ્થાની જવાબદારી જે તે અધિકારીના તાબા હેઠળ ગુજરાત નાગરિક પુરવઠા નિગમની છે છેલ્લા ત્રણ વર્ષ કરતા વધુ સમયથી રાજ્ય સરકાર દ્વારા મંજુર કરેલ અને જાહેરાત કર્યા મુજબના કલ્યાણકારી યોજના નો જથ્થો પુરતા પ્રમાણમાં અને સમયસર મળતો નથી એ નિરવિવાદિત પણે સૌ જાણે છે યોજનાનો જથ્થો ના મળવાથી અમારા વ્યાજબી ભાવના દુકાનદારોની મૂડીનો વગર વ્યાજે આપનું નિગમ એક મહિના માટે લાભ ઉઠાવી રહ્યું છે અને અમારો દુકાનદાર કમિશનથી વંચિત રહે છે

કાયદાની જોગવાઈ હેઠળ આવતા ઘઉં ચોખાના જથ્થો પણ સમયસર દુકાન સુધી પહોંચતો નથી એ હકીકત છે અને એ બાબતે રાજ્યના અનેક વિસ્તારમાંથી રોજ ઢગલાબંધ રજૂઆત આવી રહી છે તેમાં આજરોજ રાજકોટ જિલ્લા શહેર તરફથી આ બાબતે એસો ને રજૂઆત મળેલ. છે કે રાજકોટ સીટી માં ૪૫ દુકાન ઉપર આજ ૨૨તારીખ થવા છતાં કયાંક ઘઉં તા કયાંક ચોખાનો એકેય સ્કીમ નો એક દાણો પહોંચ્યો નથી રાજકોટ જિલ્લાના અનેક તાલુકા ના ગોડાઉન ઉપર કયાંક ઘઉં તો કયાંક ચોખાનો સ્ટોક નથી ટ્રાન્સપોર્ટ ઈજરદાર દ્વારા સમયસર ગાડી ના ભરવાથી આ જથ્થો પહોંચી નથી રહ્યો એવુ સ્થાનિક અધિકારીઓનું કહેવું છે હાલ રાજ્યના મોટાભાગના જિલ્લાનાને



તાલીમ અર્થે અન્ય વહીવટી કારણોસર ગાંધીનગર મોકલવામાં આવ્યાં છે ત્યારે ઈન્ચાર્જ ના ઈન્ચાર્જ તરીકે કામ કરી રહેલ નિગમના અધિકારીઓ પોતે ચાર્જમાં છે એવુ કહીને જવાબદારીથી ભાગી રહ્યા છે જે જાહેર વિતરણ વ્યવસ્થા માટે જરાય યોગ્ય નથી.

અમારી આપને વિનંતી છે કે યોગ્ય મોનિટરીંગ ગોઠવીને પેલી તારીખ થીજ જથ્થાનું સમયસર વહન થાય અને ડોર સ્ટેપ. પણ સમયસર ચાલે. એવુ આયોજન કરવા અને આપેલ સૂચના ના ભંગ બદલ ઈજારદારોને પેનલ્ટી સહિતના પગલાં લેવા જવાબદાર અધિકારીઓ ને પણ યોગ્ય આદેશ આપવા વિનંતી તેમ રાજકોટ તથા ગુજરાત ફેર પ્રાઇઝ શોપ એસો.એ પુરવઠા તંત્રના જવાબદારોને તાકીદનો પત્ર પાઠવી વિનંતી કરી છે.

# ખોડીયાર નગરમાં તાત્કાલિક ધોરણે વરસાદી પાણીના નિકાલનું કામ શરૂ





ખોડીયાર નગરમાં તાત્કાલિક ધોરણે વરસાદી પાણીના નિકાલનું કામ શરૂ રાજકોટ વોર્ડ નંબર ૧૫ ખોડિયાર નગર શેરી નંબર ૧મા ઘણા સમય થી લાઈન નાખવા માટે ખોદેલ જે શેરી માથી વરસાદી પાણીનો પણ નીકાલ હોય ગારો ચોમાસા મા થતો ત્યાંના સ્થાનિક અરવિંદભાઈ ચાવડા દ્વારા અવાર નવાર વોર્ડ મા રજુઆત કરવા છતા રિપેરીંગ કે પી સી સી ન થતુ હોય તેઓનો મને અરવિંદ મુછડીયા ને જાણ કરી મે વોર્ડ ના કોર્પોરેટર ભાની બેન સોરાણી ને જણાવતા તાત્કાલિક ગ્રાન્ટ ફાળવેલ તેમજ લોકોનો પ્રશ્ન નો કાયમી નીકાલ કરાવેલ શેરી નંબર એકનો લોકો એ અરવિંદભાઈ મુછડીયા તેમજ કોર્પોરેટર ભાનુ બેન સોરાણી નો આભાર માન્યો હતો

# જમાવટ પકડતો શિયાળો : નલિયા-ગાંધીનગરમાં ૧૨, અમરેલીમાં ૧૩ ડિગ્રી

## રાજકોટ, જામનગર, પોરબંદરમાં ૧૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે તિવ્ર ઠંડી અનુભવાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સવારે શિયાળાનો અસલી રંગ દેખાયો હતો અને વિવિધ સ્થળોએ તાપમાન ૧૨ થી ૧૬ ડિગ્રી વચ્ચે નોંધાતા લોકોએ આજે સવારે અસલી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ખાસ કરીને આજે સવારે રાજયનાં સૌથી ઠંડા શહેરો નલિયા અને ગાંધીનગર રહ્યા હતા. આજે સવારે કચ્છનાં નલિયા ખાતે ૧૨.૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ૨૪ કલાકમાં ૧ ડિગ્રી તાપમાન ગગડયું હતું. આ ઉપરાંત ગાંધીનગર ખાતે ગત તા. ૧૨-૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે આજે રાજકોટ શહેરમાં ચાલુ સિઝનની સૌપ્રથમવાર તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૪.૬ ડિગ્રી અને પોરબંદરમાં પણ ૧૪.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ અમરેલીમાં પણ ૧૩.૪ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઈ હતી.ઉપરાંત અમદાવાદ ૧૬.૬ ડિગ્રી, વડોદરામાં ૧૪.૬, ભાવનગરમાં ૧૬.૬ તથા ભુજમાં ૧૬.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

તથા દમણમાં ૧૯.૪, ડિસામાં ૧૪.૪, દિવમાં ૧૭.૬, દ્વારકામાં ૨૧.૪, કંડલામાં ૧૮, સુરતમાં ૧૮.૪ તથા વેરાવળ ખાતે ૧૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૩ ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪.૫ ડીગ્રી જ્યારે અડધા ડીગ્રીથી વધુ ઘટીને મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી નોંધાયું હતું. વહેલી



સવારે પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૭ ટકા નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૭.૪ ટકા અને પવનની ગતિ પ્રતિક્લાક ૪.૩ કિ.મી. છે. જયારે ગોહિલવાડ પંથકમાં ઠંડીની ઋતુની અસલ મિજાજ શરૂ થઈ ગઈ હોય તેમ આજે શુક્રવારે શહેરનું લઘુતમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયું હતું.ભાવનગરમાં લઘુતમ તાપમાન નીચે સરકતા લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૬.૬ ડીગ્રી નોંધાયું હતું. ખાસ કરીને ખુલ્લા અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ હાઈવે પર લોકોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો છે. ચાલુ સીઝન માં આજનું સૌથી નીચું તાપમાન છે. આજે સવારે ભાવનગર શહેરમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૦ કિમી પ્રતિ કલાકની રહી હતી.

તેમજ સામાન્ય રીતે અમરેલી જિલ્લાની ભૌગોલિક પરિસ્થિત એવી છે કે, સૌથી વધુ ઠંડી આ જિલ્લામાં જોવા મળે છે. ત્યારે આજે સવારે અમરેલીમાં સિઝનની સૌથી વધુ ઠંડી જોવા મળતાં લોકોને કડકડતી ઠંડીનો અહેસાસ જોવા મળ્યો હતો. સવાર સવારમાં મોર્નિંગ વોકમાં નીકળેલા લોકો ગરમ કપડામાં જોવા મળતાં હતાં. તો સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી સ્વેટરમાં ઢબુરાયેલા જોવા મળતાં હતાં.

અમરેલી આજે સવારે મહતમ તાપમાન ૩૧.૪, જ્યારે લઘુતમ તાપમાન ૧૩.૪ નોંધાયું હતું. ભેજનું પ્રમાણ ૬૮ ટકા જ્યારે પવનની ગતિ ૪.૮ કી.મી. નોંધાય હતી.

# ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા ધંધાર્થીઓને ત્યાં ફુડ વિભાગનું ચેકિંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ફૂડ વિભાગની ટીમ તથા ઋજઠ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જીવરાજ પાર્ક તથા ચુનારાવાડ સર્કલ થી અમુલ સર્કલ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૪ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૪ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

(૦૧)હરિકૃષ્ણ ફાર્મસી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)ટી હાઉસ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)રજની પાઉંભાજી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)અતુલ આઇસ્ક્રીમ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)શ્રીહરી નેચરલ



કોઠી આઇસ્ક્રીમ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)પટેલ ગોગળી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)પટેલ સુરતી પાઉંભાજી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)જે. કે. એન્ટરપ્રાઇઝ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૯)રાજ શીંગ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૦)મહાકાળી પાણીપુરી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા (૧૧)ઘનશ્યામ ડેરી ફાર્મ (૧૨)સ્નો બોલ આઇસ્ક્રીમ (૧૩)પટેલ વિલેજ આઇસ્ક્રીમ (૧૪)પટેલ સોડા આઇસ્ક્રીમ (૧૫)મયુર ભજીયા (૧૬)સોમનાથ પાઉંભાજી (૧૭)પટેલ ફરસાણ (૧૮)શ્રીનાથજી ટ્રેડિંગ (૧૯)મારુતિ આઇસ્ક્રીમ (૨૦)તુલસી લાઈવ બેકરી (૨૧)જય યોગેશ્વર ડેરી ફાર્મ (૨૨)પટેલ પાન (૨૩)ગમારા પાન (૨૪)શ્રી શક્તિ ટી સ્ટોલની ચકાસણી કરવામાં આવેલ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કારખાનામાંથી કર્મચારીએ બારોબાર રૂ.૨૪.૮૦ લાખનો માલ વેચી નાખ્યો

## આરોપી સાત મહિના સુધી કારખાનામાંથી માલ લઈ ભટ્ટીમાં ઓગાળવા આપી દેતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના એલટેક હાર્ડવેર કંપનીના કર્મચારીએ રૂ.૨૪.૮૦ લાખનું ૫૮૩૬ કિલો ઝીંક બરોબર વેચી નાખ્યું હોવાનો ખુલાસો થતા ઉચાપતનો ગુનો દાખલ થયો છે. આરોપી સાત મહિના સુધી કારખાનામાંથી માલ લઈ ભટ્ટીમાં ઓગળવા આપી દેતો હતો. કારખાનેદાર જગદિશભાઈ લુણાગરીયાએ હેમંત સાગઠીયા સામે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

કારખાનેદાર જગદિશભાઈ ચતુરભાઈ લુણાગરીયા (ઉ.વ.૪૦, રહે.સિધ્ધિ વિનાયક મકાન રણછોડનગર સોસાયટી શેરી નં.૧ દેરાસર વાળી શેરી પટેલ વાડી પાસે ભાવનગર રોડ રાજકોટ)એ જણાવ્યું કે, હું રાજકોટમાં ૮૦ ફૂટ રોડ આજી વસાહત - ૫ પી.એમ. ડિઝલની પાછળ મેકવેલ એક્સપોર્ટની સામે એલટેક હાર્ડવેર નામની હાર્ડવેરની મેન્યુફેક્ચરીંગની પેઢી ચાલવું છું. પેઢીમાં મારા સિવાય મારા કૌટુંબિક ભાઈઓ જેમાં અલ્પેશભાઈ કાંતિભાઈ લુણાગરીયા, નલીનભાઈ કાંતિભાઈ લુણાગરીયા ૫૦ ટકા ભાગીદારી ધરાવે છે.

આ પેઢી અમે સને ૨૦૧૨ ની સાલથી ચલાવીએ છીએ અને ઝીંક મેટલના દરવાજાના હેન્ડલનું મેન્યુફેક્ચરીંગ કરી ગુજરાત તથા રાજ્યની બહાર ઓર્ડર મુજબ મોકલી આપીએ છીએ. અહીં પરમેનેન્ટ કામ કરતા કારીગરો ૬ છે.

આ સિવાય મહીલાઓ સહીત આશરે ૧૫ રોજમદાર છે. પેઢીમાં અમે ઝીંક ધાતુનો કાચો માલ મંગાવી મેન્યુફેક્ચરીંગ કરી દરવાજાના અલગ-અલગ ડિઝાઈન બનાવીએ છીએ અને દર વર્ષે માર્ચ મહીનામાં હિસાબ કરીએ છીએ. સને ૨૦૨૪ની સાલનો હિસાબ માર્ચમાં કરતા અમારો હિસાબ બરાબર આવેલ. દિવાળીના તહેવાર પહેલા પેઢીનો કાચો હિસાબ કરતા ઝીંક ધાતુનો કાચો માલ આશરે ૪૮૬૨ કિ.ગ્રા. જેની આશરે કિ.રૂ.૧૭,૯૮,૯૪૦ તથા મેન્યુફેક્ચરીંગ કરેલ માલ આશરે ૯૭૪ કિ.ગ્રા. જેની આશરે કિં.રૂ.૬,૮૧,૮૦૦ એમ કાચો તથા મેન્યુફેક્ચરીંગ કરેલ ફુલ માલ આશરે ૫૮૩૬ કિ.ગ્રા. જે ની આશરે કિ.રૂ.૨૪,૮૦, ૭૪૦ની ઘટ આવેલ હતી.

જેથી અમે ભાગીદારોએ પેઢીમાં કામ કરતા પરમેનેન્ટ કારીગરો અને રોજમદાર તરીકે કામ કરતા કારીગરો ઉપર નજર રાખવાનું શરૂ કરેલ. અમને જાણવા મળેલ કે પરમેનેન્ટ તરીકે કામ કરતા કારીગર હેમંત સાગઠીયા ગઈ તા.૨૭/૧૦/૨૦૨૪ ના રોજ અમારી પેઢીમાંથી આશરે દસ કા પંદર ટ્રે ભરીને મેન્યુફેક્ચરીંગ કરેલ માલ લઈને બહાર જતો હતો. તેની સાથે રોજમદાર તરીકે કામ કરતો મુકેશકુમાર બંસરાજ સરોજ હતો. બંને જી.જે. ૦૩. એમ.કે. ૬૭૧૮ નંબરના એક્સેસ સ્કૂટરમાં બેસીને બહાર જતા હતા.તે માલ કોને આપવા ગયેલ છે તેની અમે તપાસ કરી. રાજકોટમાં જ્યાં જ્યાં અમે માલ આપીએ છીએ તે લોકોને ફોન કરી પુછેલ. પણ કોઈએ માલ આવ્યો હોય તેવી ખરાઈ કરી નહોતી. જેથી અમે પહેલા કારીગર મુકેશ સરોજને પુછેલ. તેણે કહ્યું કે, આપણી પેઢીની પાછળની શેરીમાં જે મટીરીયલ ઓગાળવાની ભટ્ટી છે ત્યાં ગયા હતા. માલ તે ભટ્ટી વાળાને આપેલ હતો.



પછી અમે મુકેશને લઈ શિવ મેટલ નામની ભટ્ટીમાં ગયેલ. ત્યાં જોયુ તો અમારી પેઢીમાં જે મેન્યુફેક્ચરીંગ માલ થાય છે તે બાચકામાં ભરેલ હતું. બાકીનુ ઓગાળી નાખેલ હતું. જેથી અમે શિવ મેટલ ચલાવતા બકુલભાઈને કહેલ કે આ અમારી પેઢીનો માલ તમારી પાસે ક્યાંથી આવ્યો તો તેને અમને કહેલ કે તમારી પેઢીમાં નોકરી કરતો હેમંત સાગઠીયા મને સાત મહીનાથી આ રીતે મને માલ આપી જાય છે. શિવ મેટલમાં રહેલ અમારી પેઢીનું મેન્યુફેક્ચરીંગ થયેલ આશરે ૩૫ કિ.ગ્રા. જેટલો માલ પરત લાવેલ હતા. હેમંત કારખાનેથી જતો રહ્યો હતો. તેને કોલ કરતા તેણે જણાવેલ કે મારી ભૂલ થઈ ગઈ હું બધો હિસાબ અને નુકસાન ચૂકતે કરી દઈશ.

# પગરખા બજારમાં કામ કરતા યુવાન અને વિનાયકનગરમાં યુવક બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રૈયાધાર વિસ્તારમાં રહેતો યુવાન પર પગરખાં બજારમાં ચપ્પલની દુકાનમાં કામ પર હતો. અને મવડી પ્લોટમાં વિનાયકનગરમાં રહેતા યુવકનું હાર્ટ એટેકથી મોત નિપજતા પજતા બંને પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં રૈયાધાર વિસ્તારમાં આવેલા મફતિયાપરામાં રહેતા અવિનાશ કાંતિલાલ વાઘેલા નામનો ૩૧ વર્ષનો યુવાન બિગ બજાર પાછળ આવેલ પગારખા બજારમાં કામ પર હતો. ત્યારે હ્દયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન બે ભાઈમાં મોટો હતો અને તેને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત બીજા બનાવમાં મવડી પ્લોટ વિસ્તારમાં આવેલા વિનાયકનગરમાં રહેતા શાંતિભાઈ ભીમાભાઈ ગોરસવા નામનો ૩૦ વર્ષનો યુવાન વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકનું હ્રદયરોગના હુમલાથી મોત નીપજ્યુ હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન ત્રણ ભાઈ ચાર બહેનમાં વચ્ચેટ અને અપરિણીત હતો. મૃતક યુવાન શોરૂમમાં નોકરી કરી પરિવારને આર્થિક મદદ કરતો હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નાગેશ્વર પાસે ઓનલાઈન ગેમિંગ એપમાં પૈસા હારી જતાં કોલેજિયન યુવકનો આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઓનલાઈન જુગારનું દુષણ દિવસે ને દિવસે ફેલાતુ જઈ રહ્યુ છે. ઓનલાઈન ગેમીંગ એપ અને સાઈટ દ્વારા અનેક યુવાનો જુગાર, કસીનો અને ક્રિકેટ સટ્ટો રમે છે અને મોટી રકમ હારી જતા કોઈ રસ્તો ન મળતા આપઘાત કરી લે છે અને આવી ઘટના રાજકોટમાં બનવા પામી છે. રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર સોસાયટીના વર્ધમાન એપાર્ટમેન્ટ પાસે રહેતા ક્રિષ્ના રમાકાંત પંડિત નામના ૨૦ વર્ષીય યુવાને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસને યુવકના મોબાઈલમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી છે, જે કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક યુવાને સ્યુસાઈડ નોટમાં લખ્યું છે કે, ઓનલાઈન જુગારે માનસિક અને આર્થિક રીતે યુવાનોને પાયમાલ કરી નાંખે છે. મારી આત્મહત્યા પાછળ હું લોકોને એક સંદેશ આપવા માંગુ છે કે ઓનલાઈન જુગારથી દુર રહો. તેમજ તેમના મિત્ર પ્રિયાંશને સંબોધીને જણાવ્યુ હતુ કે, મારી છેલ્લી ઈચ્છા છે કે ઓનલાઈન જુગાર સદંતર માટે બંધ થવી જોઈએ કારણ કે, ઓનલાઈન જુગાર એ એક ખતરનાક વ્યસન છે. નથેન્કયુ શો મચ, ફોર ધ ગ્રેટ લાઈફ, ગુડબાય

હું આપઘાત કરી રહ્યો છું કારણ કે, મેં બધા જ પૈસા ઓનલાઈન ગેમીંગ એપમાં આવતી સ્ટેક નામના જુગારમા ગુમાવી દીધા છે તેમજ અંતિમ પળોમાં પોતાના માતા-પિતાને માફી માંગતા તેમણે લખ્યુ છે કે, સ્ટેક જેવી બેટિંગ સાઈટ પર તેણે બધુ જ ગુમાવી દીધું છે તેમજ જીવન જીવવા માટેની આશા પણ ગુમાવી દીધી છે. મારા આ નિર્ણય માટે કોઈપણ વ્યકિત જવાબદાર નથી. તેનો જવાબદાર માત્રને માત્ર હું જ છું. જુગારનું વ્યસન વ્યકિતને



સ્યુસાઈડ નોટ



મૃતક યુવક

અંદરથી ખાલી કરી દે છે. આ જુગારમાંથી છોડાવવા મિત્રો દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ, હું જુગારની લત છોડી શકયો નહોતો અને આ વ્યસન મને ચરમસીમાએ લઈ ગયુ હતું. તેમજ બહેનનો ફોન સમયાંતરે ચેક કરતા રહેજો. તેનું ધ્યાન રાખજો. તે કોઈ ખોટુ પગલું ન ભરે.

રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર સોસાયટીના વર્ધમાન એપાર્ટમેન્ટ પાસે રહેતા ક્રિષ્ના રમાકાંત પંડિતે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પરીવારજનો ક્રિષ્નાના રૂમમાં પ્રવેશી બોલાવવા જતા ક્રિષ્ના લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. આ સમયે દેકારો બોલી જતા પાડોશમાં રહેતા નવીનભાઈએ તુરંત ૧૦૮ને જાણ કરી હતી. ત્યારબાદ ૧૦૮ના ઈ.એમ.ટી. દિવ્યાબેન બારોટ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ક્રિષ્ના પંડિતને મૃત જાહેર કર્યો હતો.

# રૈયા ગામમાં જુની અદાવતનો ખાર રાખી યુવાન પર ત્રણ શખ્સોનો છરી વડે હુમલો

## યુવાને અગાઉ આરોપી વિરૂધ્ધ જમીનમાં દબાણ કર્યાની અરજી કરી'તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૈયા ગામમાં બસ સ્ટેશન પાસે એક યુવાન ચાલીને જતો હતો ત્યારે જુના મનદુઃખને લીધે તેને રૈયા ગામના જ ત્રણ શખ્સોએ છરી બતાવી આજે તો તને મારી જ દેવી છે કહી ધમકાવતાં તેના કાકા આ લોકોને સમજાવવા આવતાં તેઓ જતાં રહ્યા હતાં. બાદમાં રાતે ફરીથી ઘર પાસે આવી યુવાનના કાકા સાથે ઝઘડો કરી ગાળો દઈ પીઠ પાછળ એક ઘા મારી દેતાં સારવાર માટે દાખલ થવું પડયું હતુ.

જાણવા મળ્યા મુજબ રૈયા ગામમાં રહેતો કલ્પેશભાઈ મોહનભાઈ પરમાર (ઉ.વ.૩૫) નામના યુવાન પર રાતે રૈયા ગામ વણકરવાસમાં રહેતાં નાનજી ઉર્ફે લાલો ભુપતભાઈ પરમાર, મહેશ મનસુખભાઈ પરમાર અને વિશાલ મેરીયાએ છરીથી હુમલો કરી ઈજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. કે. પંડયાએ તેની ફરિયાદ પરથી ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો. કલ્પેશભાઈ પરમાર ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે કહ્યું હતું કે ચારેક મહિના અગાઉ અમારી જમીનમાં દબાણ થયું હોઈ આ મામલે મેં લાલા સહિતના વિરૂધ્ધ અરજી ફરિયાદ કરી હતી. તેનો ખાર રાખી આ લોકોએ ગત મારો ભત્રીજો દિવ્યેશ રૈયા ગામના બસ સ્ટેશન પાસે ચાલીને જતો હતો ત્યારે તેને છરી બતાવી આજે તો મારી જ દેવી છે, મારી નાખવો છે કહી ધમકી આપી હતી. મને જાણ થતાં મેં ત્યાં જઈ આ લોકોને સમજાવ્યા હતાં અને ભત્રીજાને લઈને નીકળી ગયો હતો.



રાતે સવા દસેક વાગ્યે ફરીથી લાલો, મહેશ અને વિશાલે આવી ઝઘડો કરી ગાળો દીધી હતી અને છરી કાઢી મને પીઠ પાછળ ઘા મારી દીધી હતો. દેકારો થતાં બધા ભાગી ગયા હતાં. મને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેમ વધુમાં તેણે જણાવતાં પોલીસે આરોપીઓને પકડી લેવા તજવીજ હાથ ધરી છે.

## પુત્ર કામે ન જતા ચિંતામા માતાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

પુત્ર કામે ન જતા ચિંતામા માતાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.લોધિકાના ઢોલરા ગામમાં બનાવ બન્યો હતો.બનાવની વિગત અનુસાર લોધિકાના ઢોલરા ગામમાં રહેતાં મમતાબેન ભીખાભાઈ દાફડા (ઉ.વ.૪૫) તેણીએ ગઈ કાલ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ફિનાઈલ પી લેતાં તાકિદે તેઓને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેણીના પતિ અવસાન પામ્યા છે. સંતાનમાં તેઓને બે પુત્ર છે. પુત્ર કામે ન જતાં ચિંતામાં ફિનાઈલ પી લીધાનું તેના પરિવારે જણાવ્યું હતું.


# વેપારીને ગુનો નોંધવાની ધમકી આપી કાર પડાવી લેવાના કેસમાં આથિર્ક ગુના નિવારણ શાખાના પીઆઈને હાઈકોર્ટનું તેડુ

## વેપારીને કહેલ તમારી સામે રૂા.૨૩ લાખની ઠગાઈની ફરીયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ પોલીસ વધુ એક વખત નાણાકીય વહીવટના કેસમાં વિવાદમાં આવી છે એક અરજદારને લેવાના નીકળતા ૨૩ લાખ રૂપિયા માટે વેપારીને ડીસીબી પોલીસ સ્ટેશને બોલાવી ફરિયાદ કરવાની ધમકી આપી ૨૩ લાખની અવેજમાં કાર પડાવી અરજદારને આપી દીધાની અને પોલીસે દોઢ લાખ પડાવ્યાની અરજી થતા પીઆઈને આગામી તારીખ ૨૬ નવેમ્બરે હાઈકોર્ટમાં હાજર થવા તેડુ મોકલવામાં આવ્યું છે બીજી તરફ ડીસીબી પોલીસ સ્ટેશનના સીસીટીવી પણ જાળવી રાખવા કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં રહેતા ફરિયાદી વિજય વિશ્વકર્માને ડીસીબી પોલીસ સ્ટેશનમાં બેસતા પીઆઈ કૈલા દ્વારા બોલાવવામાં આવ્યા હતા જેથી તે પોલીસ સ્ટેશને જતા તેમને એવું જણાવવામાં આવ્યું હતું કે તમારી સામે ૨૩ લાખની છેતરપીંડીની રાવ છે જેથી આ ઠગાઈ અંગે ગુનો નોંધવામાં આવશે જેથી તેણે જણાવેલ કે પોતાની સામે જે વ્યક્તિએ આક્ષેપ કર્યો છે તે વ્યક્તિને પોતા પૈસા ચૂકવી દીધા છે અને હવે કોઈ લેવડદેવડ રહેતી નથી તેવું જણાવ્યા છતાં તેને ધમકાવવામાં આવ્યા હતા અને તે જ દિવસે પૈસા આપી દેવા દબાણ કર્યુ હતું અને જો પૈસા ન હોય તો તેની કાર જમા કરાવી દેવા દબાણ કરવામાં આવ્યું હતુ ફરિયાદી પાસે પૈસા ન હોય જેથી પોતાની સર્વિસ સ્ટેશનમાં પડેલી કાર જમા કરાવવા જણાવતા એક કોન્સ્ટેબલ તેમની સાથે સર્વિસ સ્ટેશન ગયો હતો અને મોંઘીદાટ કારનો કબજો



લઈને ૨૩ લાખની ઠગાઈના અરજદારને આપી દેવામાં આવી હતી આટલું જ નહિ ગુનો ન નોંધવા બાબતે બે લાખ માંગી દોઢ લાખ પડાવવામાં આવ્યા હતા હથિયાર પણ દેખાડયુંહોવાની હાઈકોર્ટમાં પીટીશન કરતા પીઆઈને હાજર થવા હાઈકોર્ટે તેડુ મોકલ્યું છે તેમજ ડીસીપીને સૌગંદનામું કરવા તથા સીસીટીવીનું રેકોર્ડ જાળવી રાખવા પણ આદેશ કર્યો છે.

# ઢેબર રોડ પર વાહનમાંથી ઓઈલ ઢોળાતા દસ જેટલા વાહનચાલકો સ્લીપ થઈ ગયા



ઢેબર રોડ ઉપર સવારે રસ્તા ઉપર કોઈ વાહનમાંથી ઓઈલ ઢોળાતા દસ જેટલા વાહનચાલકો વાહન સાથે સ્લીપ થઈ ગયા હતા બનાવને પગલે પોલીસે તુરંત કોર્પોરેશન ચોકથી ત્રિકોણ બાગ સુધીનો રસ્તો ડાયવર્ટ કર્યો હતો અને ફાયર બ્રિગેડ સ્ટાફે પાણીનો મારો ચલાવી રસ્તો સાફ કર્યો હતો. ઢેબર રોડ ઉપરથી સવારે પસાર થયેલ કોઈ વાહનમાંથી ઓઈલ રસ્તા પર ઢોળાયુ હતું રસ્તા પર ઓઈલ પ્રસરી જતા અહીંથી પસાર થઈ રહેલા બસ જેટલા વાહનચાલકો વાહન સમેત સ્લીપ થઈ ગયા હતા જેમાં વૃધ્ધા સહિતનાને નજીવી ઈજા પણ પહોચી હતી વધુ કોઈ લોકો અકસ્માતનો ભોગ ન બને તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા કોર્પોરેશન ચોકથી ત્રિકોણ બાગ સુધીનો રસ્તો ડાયવર્ટ કરવામાં આવ્યો હતો અને વાહનોની અવર જવર ઉપર રોક લગાવી દીધી હતી બનાવની જાણ થતા તુરંત ફાયર બ્રિગેડનો સ્ટાફ દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી લગભગ અર્ધો કલાકની જહેમત બાદ રસ્તો સાફ કરાવી વાહન વ્યવહાર રાબેતા મુજબ કરાવ્યો હતો.

# યાજ્ઞિક રોડ પર મલાબાર ગોલ્ડના નવા બનતા શોરૂમના ગોડાઉનના તાળા તોડી ૧ લાખની ચોરી

યાજ્ઞિક રોડ ઉપર બનતા મલાબાર ગોલ્ડના નવા શોરૂમના ગોડાઉનના તાળા તોડી તસ્કરો ૧ લાખના કેબલ અને કોપર ચોરી જતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રાજકોટના મોટા મવા ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાટરમાં રહેતા અને મલાબાર ગોલ્ડમાં મેનેજર તરીકે નોકરી કરતાં વિજયભાઈ સંતોષભાઈ બાલચંદાની ઉ.૪૨એ ચોરી અંગે એ ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે યાજ્ઞિક રોડ ઉપર રામકૃષ્ણ આશ્રમ પાસે મલાબાર ગોલ્ડનો નવો શોરૂમ બની રહ્યો છે ગત ૭ તારીખે સવારે સિક્યુરીટી ગાર્ડ અમરભાઈ સોલંકીએ ફોન કરી કહેલ કે નવા બનતા શોરૂમના ગ્રાઉન્ડ ફલોરના એક ગોડાઉનના તાળા તુટેલા છે જેથી પોતે દોડી ગયા હતા અને પ્રોજેકટ હેડને જાણ કરતા તે પણ ત્યા દોડી આવ્યા હતા તેણે ચેક કરતાં રાત્રિના બે વાગ્યાથી સવારના આંઠ વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરોએ ગોડાઉનનું તાળું તોડી કોપર પટ્ટી અને કેબલની ચોરી કરી હતી જેની કિમત આશરે ૧,૦૩,૫૯૫ થતી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પડધરીના ખાખડાબેલા ગામે પરિણીતાને મરવા મજબુર કરનાર પતિ સામે ગુનો

પડધરી જીલ્લાના ગામે રહેતી પરિણીતાએ ૧૦ દિવસ પુર્વે એટલે કે ગત.તા.૧૨ના બીજા સંતાનમાં પુત્રીનો જન્મ થતા પતિ ત્રાસ આપતો હોવાથી પરીણીતાને લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો બનાવ અંગેની મૃતક પરીણીતાના ભાઈની ફરિયાદ પરથી પોલીસે પરીણીતાને મરવા મજબુર કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પતિને સકંજામાં લઈ કાર્યવાહી હાથ ધરી છે. ખાખડાબેલા ગામે રહેતી પરિણીતાને પતિ સાથે બોલાચાલી થતા ગત.તા.૧૨ના ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.પીયર પક્ષે પોલીસ સમક્ષ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મૃતક પરીણીતાનું પહેલું સંતાન અધુરા માસે જન્મી જતા વિકાસ ઓછો હતો અને બીજા સંતાનમાં પુત્રીનો જન્મ થતા પતિ વિરેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા અવાર-નવાર પરિણીતાને મેણા મારતો હોવાથી પરિણીતાને લાગી આવતા પગલું ભર્યુ હતું બનાવ અંગેની પરીણીતાના ભાઈ શિવભદ્રસિંહ સરવૈયાની ફરિયાદ પરથી પડધરી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એન.પરમારે પરીણીતાને મરવા મજબુર કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી પતિને સકંજામાં લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

# ભૂપગઢ ગામે વાડીમાં સામાન ઉતારવા બાબતે યુવાન પર ત્રણ શખ્સનો હુમલો

શહેરના ભાગોળે આવેલા ભુપગઢ ગામે વાડીમાં આવેલી ગાડીમાંથી પતરા અને પાઈપ ઉતારવાનુ શ્રમિકે કહેતા સાળા- બનેવી સૌહત ૩ શખ્સોએ શ્રમિક યુવાન પર હુમલો કરી બેફામ માર માર્યો હતો. આ મામલે આજીડેમ પોલીસે ૩ શખ્સો સામે ફરીયાદ નોંધી કાર્યવાહી શરૂ કરી છે.મળતી વિગતો મુજબ ભુપગઢ ગામે રહેતા વિપુલભાઈ છગનભાઈ રાઠોડ નામના યુવાનની ફરીયાદ પરથી વિશ્વ વિષ્ણુ, તેને સાળો કનૈયા અને તેના સસરા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આજીડેમ પોલીસ મથક માં કરેલી ફરી યાદ મ વિપુલભાઈએ જણાવ્યુ હતુ કે ગઈકાલે રાત્રીના સમયે તેઓ સાગર ભીમજીભાઈ ચાવડાની વાડીએ કામ કરતા હતા ત્યારે ત્યા ગાડીમાંથી પાઈપ અને પતરા ઉતારતા હતા તે સમયે મજુરી કરવા માટે સાગરભાઈ સાથે વિષ્ણુભાઈ આવ્યા હતા. તેઓને ગાડીમાંથી પાઈપ ઉતારવાનુ કહેતા તેઓને દુઃખ લાગતા ફોન કરી સસરા અને તેમના સાળાને બોલાવી લીધા હતા અને વિપુલને પાઈપ વડે ખભા ઉપર અને શરીરે માર માર્યો હતો તેમજ ઢીકાપાટુનો માર મારતા મુંઢ ઈજા થતા વિપુલ ત્યાંથી ભાગીને થોડે દુર જઈ પોતાના ભાઈ સુભાષભાઈને જાણ કરતા ૧૦૮ ની મદદથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ મામલે આજીડેમ પોલીસે ત્રણેય શખ્સોજે સંકજાાનં લઈ કાર્યવાહી હાથ ધરી છે.

# લક્ષ્મણ ટાઉનશીપમાં મામા-ભાણેજ પર હુમલામાં બચાવવા વચ્ચે પડેલી મામીને ઈજા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના જીવરાજ પાર્ક પાસે આવેલી લક્ષ્મણ ટાઉનશીપના ગેટ પાસે ભાણેજ પર ૩ શખ્સોએ હુમલો કરતા તેમને બચાવવા વચ્ચે પડેલા મામા-મામીને ઈજા પહોંચી હતી અને ઘવાયેલા મામાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધવામાં આવી છે. મળતી વિગતો મુજબ લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતા નરેન્દ્રસિંહ જુવાનસિંહ રાણા નામના ૫૧ વર્ષના પ્રૌઢે પોતાની ફરીયાદમાં મિલન ખખ્ખર, દર્શન અને અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે જેમાં નરેન્દ્રસિંહે જણાવ્યુ હતુ કે તેઓ ભુણાવા પાસે આવેલી શકિતમાન કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરે છે. ગઈકાલે સાંજના સમયે પોતે લક્ષ્મણ ટાઉનશીપના ગેટ પાસે હતા ત્યારે તેમના ભાણેજ જયદેવસિંહ જાડેજા સાથે મિલન ખખ્ખર સહીત



૩ લોકો ઝઘડો કરતા હતા. જેથી તેમને બચાવવા નરેન્દ્રસિંહ વચ્ચે પડતા આરોપીઓએ પથ્થરના ઘા કર્યા હતા જેથી નરેન્દ્રસિંહને માથામાં ઈજા પહોંચી હતી. દેકારો થતા નરેન્દ્રસિંહના પત્ની પ્રફુલાબા છોડાવવા વચ્ચે પડતા તેઓને મૌઢા પર પથ્થર વાગતા તેમનો દાંત પડી ગયો હતો. થોડીવાર બાદ આરોપીઓ ત્યાથી ભાગી જતા ૧૦૮ મારફતે ઘવાયેલા દંપતી સહીત ત્રણેય સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ મામલે રાજકોટ તાલુકા પોલીસ મથકના એએસઆઈ સલીમભાઈ માડમે ફરીયાદ નોંધી હતી.

# પુત્રીના જન્મ બાદ પતિ ત્રાસ આપતો, કંટાળીને પડધરીના ખાખડાબેલામાં યુવતીએ આપઘાત કરેલો : ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પડધરીના ખાખડાબેલામાં દસ દિવસ પૂર્વે અરૂણાબા વિરેન્દ્રસિંહ જાડેજા (ઉં. ૩૫) નામની પરિણિતાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. બનાવથી ગામમાં ચકચાર મચી ગઈ હતી. ત્યારે હવે ભાવનગરના તળાજા નજીક આવેલા જુના સાંગાણા ગામે રહેતા મૃતકના ભાઈ શિવભદ્રસિંહ સરવૈયાએ પડધરી પોલીસ મથકે પોતાના બનેવી સામે એફઆઈઆર નોંધાવતા આક્ષેપો કર્યા છે. જે મુજબ પુત્રીના જન્મ બાદ પતિ ત્રાસ આપતો, હોવાથી કંટાળીને અરુણાબાએ આપઘાત કર્યો હતો. પોલીસે આરોપી પતિ વિરેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજાની ધરપકડની તજવીજ કરી હતી.

ફરિયાદમાં શિવભદ્રસિંહ કિરીટસિંહ સરવૈયા(ઉં. ૨૬)એ જણાવ્યા મુજબ તેઓ ખેતી કામ કરે છે અને તળાજા તાલુકાના જુના સાંગાણા ગામે રહે છે. ૧૪ વર્ષ પહેલા




તેમના બહેન અરૂણાબાના લગ્ન પડધરીના ખાખડાબેલા ગામે રહેતા વિરેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા સાથે થયા હતા. અરૂણાબાને ૧૦ વર્ષ સુધી કોઈ સંતાન ન થતા પતિ અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપતો હતો.

લગ્નના ૧૦ વર્ષ બાદ દીકરાનો જન્મ થયો હતો. પરંતુ બાળક અધૂરા મહિને આવેલ હોવાથી મગજનો વિકાસ ઓછો હતો. ત્યારબાદ અરુણાબાએ દીકરીને જન્મ આપ્યો હતો. જોકે આરોપી પતિને દીકરો જોતો હોય જેથી અરૂણાબાને ખૂબ જ ત્રાસ આપવામાં આવેલ. આ ત્રાસ સહન ન થતા પોતાના ઘરે અરુણાબાએ ગળાફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. પડધરી પોલીસે શિવભદ્રસિંહ સરવૈયાની ફરિયાદ પરથી મરવા મજબુર કર્યાનો ગુનો દાખલ કર્યો હતો અને આરોપીની ધરપકડની તજવીજ હાથ ધરી હતી.

# નવાગામમાં પાણીના નાળામાં ડૂબી જતાં માસુમ બાળકજનું મોત

રાજકોટની ભાગોળે નવાગામમાં રામાપીરના મંદિર પાસે મફતીયાપરામાં રહેતાં મુળ બિહારના બીપીન મહંતોનો પુત્ર રાજકુમાર (ઉ.વ.૬) ઘર નજીક રમતો રમતો પાણીના નાલામાં પડી જતાં ડુબી જવાથી મોત થયું છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટની ભાગોળે નવાગામમાં રામાપીરના મંદિર પાસે મફતીયાપરામાં રહેતાં મુળ બિહારના શ્રમિક પરિવારનો છ વર્ષનો માસુમ રાજકુમાર મહંતો ગત સાંજે ઘર નજીક બીજા છોકરાઓ સાથે રમવા ગયો ત્યારે રમતાં રમતાં પાણી ભરેલા નાલામાં પડી જતાં છોકરાઓએ દોડીને તેના ઘરે જઈ જાણ કરતાં માતા- પિતા સહિતના દોડી આવ્યા હતાં અને તેને બેભાન હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. પરંતુ અહિં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃતક બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. પિતા ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ સહિતે જાણ કરતાં કુવાડવા પોલીસે કાર્યવાહી કરી હતી.